ગુજરાત રાજ્યના શિક્ષણવિભાગના પત્ર-ક્રમાંક
મશબ/1215/12-22/છ, તા. 1-3-2016 –થી મંજૂર

# સંગીત

## (કંઠ્ય અને સ્વર વાદ્ય)

## ધોરણ 9

**પ્રતિજ્ઞાપત્ર**

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈ-બહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારા માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

**કિંમત : ₹ 95.00**

તમસો મા જ્યોતિર્ગમય

**ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ**
**'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર-382 010**

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે. આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**વિષય-સલાહકાર**
શ્રી ભૂપેન્દ્રભાઈ શાહ

**લેખન**
શ્રી કમલેશ સ્વામી
શ્રી મનુભાઈ શાહ
શ્રી હેમેન્દ્ર ભોજક
શ્રી હિતેષ પ્રજાપતિ
શ્રી દિપક રાણા
શ્રીમતી ગીતા ત્રિવેદી
શ્રી જય શીંદે

**સમીક્ષા**
શ્રી વિરેન્દ્ર ભટ્ટ
શ્રી પિનાકીન વ્યાસ
શ્રી ગિરિરાજ ભોજક
શ્રીમતી આરતી બારોટ

**ભાષાશુદ્ધિ**
શ્રીમતી વૈશાલીબેન ધોળકિયા

**સંયોજન**
શ્રી ક્રિષ્ના દવે
(વિષય-સંયોજક : અંગ્રેજી)

**નિર્માણ-આયોજન**
શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ-આયોજન**
શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

રાષ્ટ્રીય અભ્યાસક્રમોના અનુસંધાનમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે નવા અભ્યાસક્રમો તૈયાર કર્યા છે. આ અભ્યાસક્રમો ગુજરાત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.

ગુજરાત સરકાર દ્વારા મંજૂર થયેલા **ધોરણ 9, સંગીત (કંઠ્ય અને સ્વરવાદ્ય)** વિષયના નવા અભ્યાસક્રમ અનુસાર તૈયાર કરવામાં આવેલ આ પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓ સમક્ષ મૂકતાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ આનંદ અનુભવે છે.

આ પાઠ્યપુસ્તકનું લેખન તથા સમીક્ષા નિષ્ણાત શિક્ષકો અને પ્રાધ્યાપકો પાસે કરાવવામાં આવ્યાં છે. સમીક્ષકોનાં સૂચનો અનુસાર હસ્તપ્રતમાં યોગ્ય સુધારાવધારા કર્યા પછી આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને રસપ્રદ, ઉપયોગી અને ક્ષતિરહિત બનાવવા માટે મંડળે પૂરતી કાળજી લીધી છે. તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી પુસ્તકની ગુણવત્તા વધારે તેવાં સૂચનો આવકાર્ય છે.

| | |
|---|---|
| **એચ.એન.ચાવડા** | **ડૉ. નીતિન પેથાણી** |
| નિયામક | કાર્યવાહક પ્રમુખ |
| તા.01-03-2016 | ગાંધીનગર |

**પ્રથમ આવૃત્તિ : 2016**

**પ્રકાશક** : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર વતી એચ.એન.ચાવડા, નિયામક

**મુદ્રક** :

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે, તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની;

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની.

*ભારતનું સંવિધાન : કલમ 51-क

# અનુક્રમણિકા

## વિભાગ 1 : સૈદ્ધાંતિક


| | | |
|---|---|---|
| 1. | પારિભાષિક શબ્દો | 1 |
| 2. | ગીતપ્રકારો | 5 |
| 3. | લોકગીતના પ્રકારો | 7 |
| 4. | સ્ટાફ સ્વરલિપિ પદ્ધતિ | 11 |
| 5. | છંદની ઉદાહરણ સહિતની માહિતી | 16 |
| 6. | જીવનચરિત્ર | 20 |
| 7. | રાગોની વિસ્તૃત માહિતી | 25 |
| 8. | તાલજ્ઞાન | 32 |
| 9. | દૃશ્યશ્રાવ્ય ઉપકરણો તથા ભક્તિસંગીત | 34 |
| 10. | સૈદ્ધાંતિક વાદ્ય વિભાગ અને પ્રૉજેક્ટ વર્ક | 37 |


## વિભાગ 2 : ક્રિયાત્મક


| | | |
|---|---|---|
| 1. | સ્વરજ્ઞાન : અલંકાર તાલબદ્ધ (ક્રિયાત્મક) | 50 |
| 2. | રાગજ્ઞાન | 54 |
| 3. | તાલજ્ઞાન (ક્રિયાત્મક) | 95 |
| 4. | વિવિધ ગીતો (ક્રિયાત્મક) | 97 |


●

## શિક્ષકો માટે...

**ધોરણ 9 સંગીતના અભ્યાસક્રમમાં...**

(1) સંગીત કંઠ્ય (ગાયન) અને સ્વરવાદ્યના અભ્યાસક્રમ મુજબ આપેલ છે. જેમાંથી ક્રિયાત્મકના એકમમાં આપેલ કંઠ્યના વિદ્યાર્થીઓને કંઠ્યના (ગાયન) અને સ્વરવાદ્યના વિદ્યાર્થીઓને પોતાના સ્વરવાદ્ય પ્રમાણે ક્રિયાત્મક (પ્રાયોગિક) આ સાથેના અભ્યાસક્રમ મુજબ તૈયારી કરાવવાની રહેશે.

સૈદ્ધાંતિક વિષય કંઠ્ય (ગાયન) અને સ્વરવાદ્યના વિદ્યાર્થીઓ માટે સમાન (એકસરખો) રહેશે.

(2) સંગીત-તબલા અભ્યાસક્રમનું પુસ્તક અલગ રીતે તૈયાર કરવામાં આવ્યું છે. તે પ્રમાણે તાલવાદ્ય (તબલા)ના વિદ્યાર્થીઓને કરાવવાનો રહેશે. જેમાં વિદ્યાર્થીઓએ અભ્યાસક્રમ મુજબ ક્રિયાત્મક (પ્રાયોગિક) અને સૈદ્ધાંતિક (શાસ્ત્ર)ની તૈયારી કરાવવાની રહેશે.

(3) સંગીત (કંઠ્ય) અને સંગીત (સ્વરવાદ્ય)ના વિદ્યાર્થીઓ માટે લેખિત પરીક્ષા ભાગ 1 રહેશે. જ્યારે સંગીત (તબલા)ના વિદ્યાર્થીઓ માટે ભાગ 2 રહેશે.

(4) પ્રશ્નપત્રમાં ભાગ 1 અને ભાગ 2 છાપવામાં આવશે.

(5) સંગીત કંઠ્ય, સ્વરવાદ્ય અને તબલાના અભ્યાસક્રમનું આયોજન વર્ગ દીઠ (3) 'ત્રણ' તાસ (પિરિયડ)નું છે.

(6) આ પુસ્તકમાં 'વિભાગ 1' સૈદ્ધાંતિક (શાસ્ત્ર)નો જ્યારે 'વિભાગ 2'માં ક્રિયાત્મક (પ્રાયોગિક)નો સમાવેશ કરવામાં આવ્યો છે. કંઠ્ય સંગીતના વિદ્યાર્થીઓને ક્રિયાત્મક (પ્રાયોગિક)માં ગાયનની (ગાવાની) તાલીમ આપવાની રહેશે. જેમાં આ પાઠ્યપુસ્તકમાં આપેલ બંદિશો અને આલાપ-તાન શીખવાડવાના રહેશે.

જ્યારે સ્વરવાદ્યના વિદ્યાર્થીઓએ તેમણે પસંદ કરેલા સ્વરવાદ્યની તૈયારી કરાવવાની રહેશે.

સ્વરવાદ્યના વિદ્યાર્થીઓએ નીચેના સ્વરવાદ્યમાંથી ગમે તે એક સ્વરવાદ્યનો વિકલ્પ પસંદ કરવો જેવાં કે,

(1) હાર્મોનિયમ (2) વાંસળી (3) સિતાર (4) સરોદ (5) વાયોલિન (6) દિલરૂબા (7) ગિટાર (8) મેન્ડોલિન આ સ્વરવાદ્યોમાંથી ગમે તે એક સ્વરવાદ્યમાં પાઠ્યપુસ્તક આધારિત ગતની તૈયાર કરાવવાની રહેશે.

(7) આધુનિક સાધનોથી સજ્જ એવા અલગ સંગીત વર્ગની જોગવાઈ હોવી ઇચ્છનીય છે. સંગીતના આધુનિક ઉપયોગી ઈલેક્ટ્રૉનિક ઉપકરણો જેવાં કે, સ્વરપેટી, તાનપુરો, તાલયંત્ર, ડીવીડી પ્લેયર, માઇક્રોફોન, કી-બોર્ડ, રેકોર્ડિંગ સિસ્ટિમ, સીડી તેમજ વિવિધ તાલને લગતાં ઉપકરણો સંગીત માટે આધુનિક સંગીત વિષયક લાઇબ્રેરીને અલાયદા વર્ગખંડની ભારતીય બેઠક સહિતની વ્યવસ્થા હોવી જરૂરી છે.

(8) વિદ્યાર્થી ભવિષ્યમાં રંગમંચના સ્થાન તરફ દૃષ્ટિ કેળવીને તેઓનો આત્મવિશ્વાસ કેળવાય તે રીતે પ્રોત્સાહિત કરી, રિયાઝ દ્વારા નૈસર્ગિક મધુર કંઠ કેળવાય. સ્વર, રાગ, તાલનું જ્ઞાન મેળવી વિદ્યાર્થી રંગમંચનું સ્થાન મેળવે, તે આ પાઠ્યપુસ્તકનો ઉદ્દેશ છે.

(9) વિદ્યાર્થી સંગીતની રસચેતનાનો અનુભવ કરે, આનંદ માણે, કદર કરે, તે ઉપરાંત લોકસંગીતની પરંપરા મુજબના ઢાળ તેમજ સ્પષ્ટ ઉચ્ચારણો અને અવાજ કાઢવાની સાચી ટેવ પડે, શ્વાસોશ્વાસની વૈજ્ઞાનિક દૃષ્ટિ અને બૌદ્ધિક સમજ કેળવાય એ આ પાઠ્યપુસ્તકનો ઉદ્દેશ છે.

વિદ્યાર્થીઓની રચનાત્મક (ક્રિએટિવ) શક્તિઓને હરહંમેશ બિરદાવવી જોઈએ.

(10) ધોરણ 9 કંઠ્ય અને સ્વર વાદ્ય વિષયની સૈધ્ધાંતિક અને પ્રાયોગિક પરીક્ષા શાળાકક્ષાએ લેવાની રહેશે.

●

## આ પાઠ્યપુસ્તક વિશે...

શિક્ષણનો અંતિમ ઉદ્દેશ માનવીના જ્ઞાન અને ઉચ્ચતમ ભાવનાઓનો વિકાસ અને સંસ્કારોનું સિંચન કરવાનો છે. તદ્ઉપરાંત, સંગીતમાં તાલ પ્રત્યે અભિરુચિ કેળવાય, સંગીતમાં રસ ઉત્પન્ન થાય તે રીતે શિષ્ટ સંગીતની સમજ ધરાવતા સમાજનું નિર્માણ થાય, લોકસંગીત અને પરંપરાગત દુહા-છંદના ઢાળો પ્રત્યે વિદ્યાર્થી અભિમુખ થાય તથા સ્પષ્ટ ઉચ્ચારણો અને અવાજ-નિયંત્રણ કરવાની સાચી દિશામાં સમજ કેળવાય તે છે.

વિદ્યાર્થીઓની ક્ષમતાને ધ્યાનમાં લઈ, અભ્યાસક્રમ નજર સમક્ષ રાખી, સરળ ભાષામાં શાસ્ત્રનું જ્ઞાન તેમજ પ્રાયોગિક પાસાંને ધ્યાને લઈ આ પાઠ્યપુસ્તકની રચના કરવામાં આવી છે. સ્વરજ્ઞાન, સરગમગીત, લક્ષણગીત, મધ્યલયગીત, આલાપતાન, ખ્યાલ, ધ્રુપદ, ધમાર, તરાનાની બંદિશો તેમજ સુગમ સંગીતમાં પ્રાર્થના-ભજન, લોકગીત, દેશભક્તિગીત, ઋતુગીત, પર્યાવરણગીત, કથાગીત વગેરેમાં વિદ્યાર્થીની વધતી જતી જિજ્ઞાસા સંતૃપ્ત કરવાની અને આ પુસ્તકનો ભરપૂર ઉપયોગ કરી ભાવિ પેઢી કદરદાન શ્રોતાઓ સમક્ષ રંગમંચનું સ્થાન મેળવવા તૈયાર થાય તે હેતુથી આ પાઠ્યપુસ્તકમાં પ્રાચીન અને અર્વાચીન સંગીત વિષયક વિસ્તૃત માહિતી આપવામાં આવી છે.

જગતકલ્યાણની પવિત્ર ભાવનાઓ સહજ ભાષામાં લોકકંઠે વહેતી થાય તથા વિદ્યાર્થીઓમાં સંગીતક્ષેત્રે સર્જનાત્મક ક્રિયાશીલતાનો વિકાસ થાય તે હેતુથી આ પાઠ્યપુસ્તકની રચના કરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓ સંગીતવિષયક નાવિન્યપૂર્ણ પ્રયોગલક્ષી પ્રવૃત્તિઓ વ્યક્તિગત અને સામૂહિક રીતે કરે એવી અપેક્ષા સહ.

•

# વિભાગ 1 : સૈદ્ધાંતિક

## 1 પારિભાષિક શબ્દો

**પ્રસ્તાવના**

ભારતીય સંગીત એ 'સામવેદ' ગ્રંથમાં ઉલ્લેખ પામેલ ગાયન, વાદન અને નૃત્યકળાના નિયત સિદ્ધાંતોને અનુલક્ષી રચવામાં આવેલ શાસ્ત્ર છે. આ સંગીતશાસ્ત્રના આધારભૂત પારિભાષિક શબ્દોની સમજ મેળવવાથી વિદ્યાર્થીમાં પડેલ સુષુપ્ત શક્તિને વેગ મળે છે.

ભારતીય સંગીતના વિદ્વાનોએ પારિભાષિક શબ્દોની ઊંડાણપૂર્વકની સમજ સંક્ષિપ્તમાં આપી છે. જેના દ્વારા વિદ્યાર્થી સંગીત વિષયથી માહિતગાર બને અને ગાયન, વાદન અને નૃત્યના નિયત સિદ્ધાંતોનું પાલન કરી પોતાની કળાને સૌંદર્યસભર બનાવી શકે છે. સંગીત, સ્વર, નાદ, ધ્વનિ, ઘોંઘાટ, થાટ, આરોહ-અવરોહ, ગીતના ભાગ સ્થાયી, અંતરા, વાદી, સંવાદી, વર્જ્યસ્વર, તાલ, લય, માત્રા, સમ, તાલી, સંગત, અલંકાર અને રાગના મુખ્ય અંગ (પકડ), આવર્તન જેવા શબ્દોની જાણકારી આ એકમમાં વિદ્યાર્થી મેળવશે :

**(1)** **સંગીત :** ગીતં વાદ્યં ચ નૃત્યં ત્રયં સંગીત મુચ્યતે । ગીત શબ્દમાં 'સમ' ઉપસર્ગ લગાડીને સંગીત શબ્દ બન્યો છે. સમ એટલે સહિત અને ગીત એટલે ગાયન એટલે અર્થ એ થયો કે ગાયન સહિત અંગીભૂત ક્રિયાઓ એટલે નર્તન અને વાદનની સાથે કરાયેલું કાર્ય સંગીત કહેવાય છે અથવા ગાયન, વાદન અને નૃત્ય આ ત્રણેય કળાના સમાવેશને 'સંગીત' કહે છે.

**(2)** **નાદ :** નિયમિત આંદોલનથી ઉત્પન્ન થયેલા સંગીત ઉપયોગી અવાજને નાદ કહે છે. નાદના બે પ્રકાર છે : (1) આહત નાદ (2) અનાહત નાદ.

**(3)** **સ્વર :** જે ધ્વનિની આંદોલન-સંખ્યા નિયમિત હોય અને જે સાંભળવામાં કર્ણપ્રિય હોય એવા સંગીત ઉપયોગી નાદને સ્વર કહે છે. મુખ્ય સ્વર સાત છે : સા (ષડજ), રે (રિષભ), ગ (ગંધાર), મ (મધ્યમ), પ (પંચમ), ધ (ધૈવત), નિ (નિષાદ)

**(4)** **ધ્વનિ :** ધ્વનિ એટલે કોઈ પણ પ્રકારનો અવાજ, સંગીત-અવાજથી ઉત્પન્ન થાય છે. આ અવાજ કોઈ પણ બે વસ્તુ સામસામી અથડાવવાથી અથવા એક પર બીજી વસ્તુનો આઘાત કરવાથી ઉત્પન્ન થતાં આંદોલનને ધ્વનિ કહે છે.

**(5)** **ઘોંઘાટ :** ઉત્પન્ન થતાં ધ્વનિની આંદોલન-સંખ્યા જો અનિયમિત અને કર્કશ હોય તો તે અવાજને ઘોંઘાટ કહે છે. દા. ત., હથોડી કે પથ્થરને દીવાલ સાથે અથડાવવાથી થતો અવાજ. અલબત્ત, આ બંને વસ્તુના ઘર્ષણથી આંદોલનો તો ઉત્પન્ન થાય છે પરંતુ તે આંદોલન-સંખ્યા દર સેકંડે એકસરખી ન રહેવાથી તેમાંથી ઉત્પન્ન થતો અવાજ સંગીત માટે ઉપયોગી નથી.

**(6)** **થાટ :** સાત સ્વરોનો સમૂહ જેમાંથી રાગ ઉત્પન્ન થઈ શકે તેને થાટ અથવા મેલ કહે છે. ઉત્તર હિંદુસ્તાની સંગીત પદ્ધતિમાં દસ થાટ પ્રચલિત છે :

(1) બિલાવલ (2) ખમાજ (3) કાફી (4) ભૈરવ (5) આસાવરી (6) ભૈરવી (7) કલ્યાણ (8) મારવા (9) પૂર્વી (10) તોડી

**(7)** **આરોહ :** સ્વરોના ગાવા-વગાડવાના ચડતા ક્રમને આરોહ કહે છે. દા. ત., સારેગમપધનિસાં

**(8)** **અવરોહ :** સ્વરોના ગાવા-વગાડવાના ઊતરતા ક્રમને અવરોહ કહે છે. દા. ત., સાંનિધપમગરેસા

**(9)** **સ્થાયી :** ગીતના પ્રથમ વિભાગને સ્થાયી કહે છે. સામાન્ય રીતે સ્થાયીની સ્વરરચના મંદ્રસપ્તક અને મધ્યસપ્તકમાં હોય છે.

**(10)** **અંતરા :** ગીતના બીજા વિભાગને અંતરા કહે છે. સામાન્ય રીતે અંતરાની સ્વરરચના મધ્યસપ્તક અને તારસપ્તકમાં હોય છે.

**(11) વાદીસ્વર :** રાગમાં આવતા મુખ્ય સ્વરને વાદીસ્વર કહે છે. રાગમાં આવતાં બીજા સ્વરો કરતાં એનું મહત્ત્વ સૌથી વધુ હોય છે. તેને 'રાજા'ની ઉપમા આપવામાં આવી છે.

**(12) સંવાદી સ્વર :** વાદીસ્વર પછીના મહત્ત્વના સ્વરને સંવાદી સ્વર કહે છે. સંવાદી સ્વર વાદીસ્વર કરતાં ઓછા મહત્ત્વનો અને અન્ય સ્વરો કરતાં વધુ મહત્ત્વનો હોય છે.

**(13) વર્જિત સ્વર :** રાગમાં ન આવતા સ્વરને વર્જિત સ્વર કહે છે. જેમકે રાગ સારંગમાં ગંધાર - ધૈવત વર્જિત સ્વર છે.

**(14) તાલ :** ગીત ગાવાના કે વગાડવાના માપને એટલે કે સમયની ગણતરીને તાલ કહે છે. માત્રાની જુદી જુદી સંખ્યામાં ખંડ, તાલી, ખાલી, બોલ વગેરે નક્કી કરેલ રચનાથી તાલ બને છે. ગાયન, વાદન અને નૃત્ય તાલ વડે જ શોભે છે. તાલ એ સંગીતનો પ્રાણ છે. તાલ વિના સંગીત અપૂર્ણ છે.

**(15) લય :** સંગીતમાં એકસરખી ગતિને લય કહે છે. લયના ત્રણ પ્રકાર છે : (1) વિલંબિત લય (2) મધ્ય લય (3) દ્રૂતલય

**(16) માત્રા :** લય માપવાના સાધનને માત્રા કહે છે. સાધારણ રીતે એક સેકંડના સમયને એક માત્રા મનાય છે પરંતુ વ્યવહારમાં જરૂરિયાત પ્રમાણે તે સમયમર્યાદાને વધુ કે ઓછી કરી શકાય છે.

**(17) આવર્તન :** તાલને પહેલી માત્રાથી છેલ્લી માત્રા સુધી એક વખત વગાડીને સમ ઉપર આપવામાં આવે એવા તાલના પૂરા એક ચક્રને આવર્તન કહે છે.

દા. ત., તાલ-દાદરા માત્રા 6

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 1 |
| બોલ | ધા | ધીં | ના | ધા | તીં | ના | ધા |
| ચિહ્ન | × | | | 0 | | | × |

**(18) સમ :** તાલની પહેલી માત્રાને સમ કહે છે. તેનું ચિહ્ન '×' છે.

**(19) ખાલી :** તાલમાં સમ પછી મહત્ત્વનું સ્થાન ખાલીનું છે. મોટા ભાગે તે તાલની મધ્યમાં આવે છે. જ્યાં તાલી ન આપતાં આડો હાથ કરીને દર્શાવાય છે. તે માત્રાને ખાલી કહે છે. તેને '0' ચિહ્ન વડે દર્શાવાય છે.

**(20) સંગત :** ગાયન, વાદન અને નૃત્યની સાથે કોઈ વાદ્યનો સાથ આપવો તેને સંગત કહે છે. ગાયન, વાદન અને નૃત્યને એકબીજાની સંગતની જરૂર પડે છે.

**(21) રાગ :** મનનું રંજન કરે તેવી સ્વરોની વિશિષ્ટ સ્વરરચનાને રાગ કહે છે.

**(22) અલંકાર :** સ્વરોની વિશિષ્ટ પ્રકારની ક્રમબદ્ધ અને નિયમિત રચનાને અલંકાર કહે છે. અલંકારનો અર્થ આભૂષણ થાય છે. તેની રચના કરવાથી કલ્પનાશક્તિનો વિકાસ થાય છે. તેનાથી ગાયન-વાદનની શોભા વધે છે. તેની તૈયારી કરવાથી જ કંઠમાં તૈયારી તેમજ સ્વરજ્ઞાન થાય છે. સંગીતમાં અલંકારનું ખૂબ મહત્ત્વ છે. તેનાથી રચનાત્મક પ્રવૃત્તિને પ્રોત્સાહન મળે છે. અલંકારથી રાગ-વિસ્તારમાં સહાય મળે છે. તાન પણ બનાવી શકાય છે.

**(23) પકડ :** ઓછામાં ઓછા સ્વરોથી રાગનું સ્વરૂપ બતાવતા સ્વરસમૂહને પકડ અથવા રાગનું મુખ્ય અંગ કહે છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબ લખો :**

(1) સંગીત એટલે શું ?

(2) સંગીતમાં કઈ બે બાબતો મહત્ત્વની છે ?

(3) નાદના કેટલા પ્રકાર છે ? કયા કયા ?

(4) થાટ એટલે શું ? કેટલા છે ?

(5) ગીતના બીજા ભાગને શું કહેવાય ?

(6) વર્જિત સ્વર એટલે શું ?

(7) તાલની પહેલી માત્રાને શું કહેવાય અને તેનું ચિહ્ન શું છે ?

(8) તાલમાં સમ પછી મહત્ત્વનું સ્થાન કયું છે ?

**2. નીચે આપેલ 'અ' અને 'બ' વિભાગમાંથી યોગ્ય વિકલ્પ શોધીને સાચા જવાબથી જોડોઃ**

| અ | બ |
|---|---|
| (1) ગાયન, વાદન, નૃત્યની સાથે સાથ આપવો | (1) રાગ |
| (2) મનનું રંજન કરે | (2) તાલનું એક પૂરું ચક્ર |
| (3) સ્વરોની વિશિષ્ટ પ્રકારની રચના | (3) પકડ |
| (4) ઓછામાં ઓછા સ્વરોથી રાગનું સ્વરૂપ બતાવતા સ્વરસમૂહને | (4) સંગત |
| | (5) અલંકાર |
| (5) આવર્તન | (6) અવરોહ |
| (6) અચલ સ્વર | (7) સા-પ |
| (7) મગરેસા | (8) વાદીસ્વર |
| (8) અનિયમિત આંદોલનો | (9) લય |
| (9) રાગનો મુખ્ય સ્વર | (10) ઘોંઘાટ |
| (10) એકસરખી ગતિને | |

●

# સ્વરોની વિશેષ ઓળખ (પરિચય)

| ક્રમ | સ્વર | નામ | વર્ણ (રંગ) | જન્મ-જાતિ | કુળદેવી | પ્રિય છંદ | જન્મ-નક્ષત્ર | ગોત્ર | ગ્રહ | ઋતુ | રસ | માનવ-શરીરમાં સ્થાન | પશુ-પંખી સાથે મળતો અવાજ | રાશી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | સા | ષડજ | સોનેરી પીળો | બ્રાહ્મણ | બ્રાહ્મી | અનુષ્ટુપ | આર્દ્રા | અગ્નિવેશ્ય | રવિ | ષડઋતુ (છ ઋતુ) | શાંત, વીર, રૌદ્ર | કંઠ (ગળુ) | મોર | સિંહરાશી |
| 2. | રે | રિષભ | લીલો પોપટી | ક્ષત્રિય | મહેશ્વરી | ગાયત્રી | પૂર્વાષાઢા | કશ્યપ | બુધ | વસંત | વીર રૌદ્ર ગંભીર શાંત | મસ્તક | ગાય | -શુદ્ધ રિષભની મિથુન રાશી -કોમળ રિષભની કન્યા રાશી |
| 3. | ગ | ગંધાર | ગુલાબી | વૈશ્ય | કૌમારી | ત્રિષ્ટુપ | રેવતિ | આંગીરસ | શુક્ર | ગ્રીષ્મ | શાંત-કરુણ | છાતી | બકરો | -શુદ્ધગંધારની વૃષભ રાશી -કોમળ ગંધારની તુલા રાશી |
| 4. | મ | મધ્યમ | લાલ | બ્રાહ્મણ | વૈષ્ણવ | બૃહતી | વિશાખા | અભિરામ | મંગળ | વર્ષા | હાસ્ય શૃંગાર | હૃદય હોઠસ્પર્શ | ક્રૌંચ પક્ષી | -શુદ્ધ મધ્યમની મેષ રાશી -તીવ્ર મધ્યમની વૃશ્ચિક રાશી |
| 5. | પ | પંચમ | આછો રંગ મોતી જેવો | બ્રાહ્મણ | વારાહી | પંક્તિછંદ | મૂળ | વશિષ્ટ | ચંદ્ર | શરદ | હાસ્ય શૃંગાર | નાભિ હોઠસ્પર્શ | કોકિલ (કોયલ) | કર્ક રાશી |
| 6. | ધ | ધૈવત | શ્વેત | ક્ષત્રિય | મહેન્દ્રી | ઉષ્ણિક | અનુરાધી | ભારદ્વાજ | ગુરુ | હેમંત | બિભત્સ-ભયાનક | લલાટ (કપાળ) | અશ્વ (ઘોડો) | -શુદ્ધ ધૈવતની ધન રાશી -કોમળ ધૈવતની મીન રાશી |
| 7. | નિ | નિષાદ | ગાઢ ભૂરો | વૈશ્ય | ચામુંડા | જગતીછંદ | મઘા | પૌલસ્ત્ય | શનિ | શિશિર | કરુણ | નાસિકા | ગજ (હાથી) | -શુદ્ધ નિષાદની મકર રાશી -કોમળ નિષાદની કુંભ રાશી |

| 2 | # ગીતપ્રકારો |
|---|---|

**પ્રસ્તાવના**

સંગીતમાં અનેક ગીતપ્રકારોનું વૈવિધ્ય જોવા મળે છે. જેમાં શાસ્ત્રીય સંગીતમાં ખ્યાલ, ધ્રુપદ, ધમાર, તરાના, સરગમ, ઠુમરી, કજરી, ચૈતી, ચતરંગ, તિરવટ વગેરે પ્રસિદ્ધ છે. વિભિન્ન ગીતપ્રકારોની જાણકારી વિદ્યાર્થીઓ માટે ખૂબ જરૂરી છે. આ એકમ દ્વારા શાસ્ત્રીય સંગીતના ગીતપ્રકારોની જાણકારી આપવાનો પ્રયત્ન કરેલો છે. જેથી વિદ્યાર્થીઓ આની જાણકારી મેળવી સચોટ જ્ઞાન મેળવી રસગાન કરી શકે.

**ગીતપ્રકારોની સમજ**

**(1)** **સરગમ ગીત :** સરગમ ગીતને સ્વરમાલિકા પણ કહે છે. એમાં રાગના નિયમો પૂરા જાળવવાના હોય છે. તાલ-ત્રિતાલ, દાદરા, એકતાલ, ઝપતાલ વગેરે તાલમાં હોય છે. જેનો હેતુ પ્રારંભિક વિદ્યાર્થીઓને સ્વરજ્ઞાન અને રાગજ્ઞાન થાય તે માટેનો છે. કોઈ પણ રાગની ગીતના શબ્દો સિવાયની તાલબદ્ધ સ્વરરચના કે જેમાં સ્થાયી-અંતરાનો સમાવેશ થતો હોય તેને ‘સ્વરમાલિકા/સરગમ ગીત’ પણ કહે છે.

**(2)** **લક્ષણ ગીત :** જે રાગના ગીતમાં રાગની શાસ્ત્રીય માહિતીનું વર્ણન હોય અર્થાત્ રાગ-માહિતીનો પરિચય આપતાં તાલબદ્ધ ગીતને ‘લક્ષણ ગીત’ કહે છે. લક્ષણ ગીત ગાવાથી વિદ્યાર્થીઓને ગીતની મદદથી રાગનો પરિચય સરળતાથી થઈ શકે છે. તેમાં સ્થાયી અને અંતરા એમ બે વિભાગ હોય છે. ત્રિતાલ, એકતાલ, ઝપતાલ, દાદરા વગેરે તાલોમાં ગવાય છે.

**(3)** **ખ્યાલ :** ખ્યાલ ફારસી ભાષાનો શબ્દ છે જેનો અર્થ કલ્પના થાય છે. કલ્પનાશક્તિના આધારે ગાયક ખ્યાલ ગાયકીની રજૂઆત કરે છે. આ ગાયકીની શરૂઆત ૧૫મી સદીમાં જૌનપુરના સુલતાન હુસેન શર્કીએ કરી હતી. જોકે તેઓએ ખ્યાલ બનાવ્યા, પરંતુ પોતે તો ધ્રુપદ જ ગાતા કારણ કે તે સમયે ધ્રુપદ કરતાં ખ્યાલ ગાયન નિમ્ન કક્ષાનું ગણાતું, ત્યાર બાદ મોગલ બાદશાહ મહંમદશાહના રાજગાયકો સદારંગ અને અદારંગે અનેક ખ્યાલ ગીતોની રચના કરી તેને પ્રસિદ્ધિ અપાવી. ધમાર ગાયન કરતાં ચપળ હોવાને કારણે ખૂબ લોકપ્રિય થયું. ખ્યાલમાં ફક્ત સ્થાયી - અંતરા જ હોય છે. ખ્યાલ નાના હોય છે. ખ્યાલ ગાયન સાથે સંગત કરવા માટે તબલાનો પ્રયોગ થાય છે. ખ્યાલની બંદિશ નાની હોય છે. ખ્યાલ ગાયકીમાં આલાપ, તાન, બોલતાન, હરકત, સરગમ, મીંડ, ખટકા, મુર્કી, સ્પર્શ સ્વરનો પ્રયોગ ખૂબ થાય છે. તેનાથી ગાયન સુંદર લાગે છે. ખ્યાલના બે પ્રકાર છે : (1) વિલંબિત લયમાં ગવાતા ખ્યાલને ‘બડાખ્યાલ’ કહે છે. તિલવાડા, ઝુમરા, આડાચૌતાલ, વિલંબિત એકતાલ વગેરે તાલોમાં ગવાય છે. (2) મધ્યલયમાં ગવાતા ખ્યાલને ‘છોટાખ્યાલ’ કહે છે. જે ત્રિતાલ, એકતાલ, ઝપતાલ, રૂપક વગેરે તાલોમાં ગવાય છે. તેને રાગની ચીજ, બંદિશ અથવા ગીત પણ કહે છે. ખ્યાલમાં સ્વરોની સ્થિરતા, ચપળતા, સ્વર-ચમત્કાર અને સ્વર-સૌંદર્ય પર વધુ જોર અપાય છે.

**(4)** **તરાના :** ગાયનની આ શૈલીમાં રાગ-તાલનાં બંધનોને સાચવીને, ગીતના શબ્દ-સાહિત્યને બદલે તોમ્, તનન, ઉદતન, દેરેના, ઉદાની, ના, દિર દિર, તોમ્, તારેદાની, યલલી વગેરે નિરર્થક શબ્દોનો ઉપયોગ કરીને ગવાય તેને તરાના કહે છે. બધા રાગ-તાલમાં ગવાય છે તેમજ દ્રુત, અતિદ્રુત લયમાં ગવાય છે. તરાનાનો મુખ્ય ઉદ્દેશ તૈયારી, લયકારી તથા ઉચ્ચારણ-અભ્યાસ છે. સ્થાયી-અંતરા બે વિભાગ હોય છે. તરાના ગાવાથી વાણીમાં સફાઈ આવે છે. સ્વર અને લયનો સંગમ, તે આ ગાયકીનું મહત્ત્વનું આકર્ષણ છે. આ ગાયકીમાં વૈવિધ્ય હોવાથી શ્રોતાવર્ગને મનોરંજન વિશેષ મળે છે. તરાનાને દક્ષિણ સંગીતમાં ‘તિલ્લાના’ પણ કહે છે.

## સ્વાધ્યાય

**1. નીચેનાં વાક્યો સાચાં છે કે ખોટાં તે જણાવો. ખોટાં હોય તો સુધારીને લખો :**

(1) તરાના વિલંબિત લયમાં ગવાય છે.

(2) જે ગીતમાં રાગની સંપૂર્ણ માહિતી આવે તે લક્ષણ ગીત.

(3) ખ્યાલમાં ચાર વિભાગ આવે છે.

(4) તાલમાં બંધાયેલી સ્વરરચનાને લક્ષણ ગીત કહે છે.

(5) છોટાખ્યાલ વિલંબિત એકતાલ, ઝુમરા વગેરે તાલમાં ગવાય છે.

**2. નીચેના ગીતપ્રકારો સમજાવો :**

(1) સરગમ ગીત (2) લક્ષણ ગીત (3) ખ્યાલ (4) તરાના

**3. નીચેના પ્રશ્નોના ટૂંકા જવાબ આપો :**

(1) સ્વરમાલિકાને શું કહે છે ?

(2) રાગની સંપૂર્ણ માહિતી આપતાં તાલબદ્ધ ગીતને શું કહે છે ?

(3) ખ્યાલના કેટલા પ્રકાર છે ?

(4) અર્થહીન શબ્દો દ્વારા દ્રુતલયમાં તાલબદ્ધ ગવાતા ગીતને શું કહે છે ?

(5) ખ્યાલ કઈ ભાષાનો શબ્દ છે ?

●

# 3 લોકગીતના પ્રકારો

**પ્રસ્તાવના**

લોકસંગીત એટલે લોકો દ્વારા લોકમુખેથી રચાયેલું તાલબદ્ધ સંગીત. આપણા દેશ તથા રાજ્યોમાં લોકસંગીતની અનેક વિવિધતા જોવાં મળે છે. દરેક ગામ, શહેર, રાજ્યની લોકસંગીતની પરંપરા અલગ-અલગ હોય છે. આપણા દરેક તહેવાર-ઉત્સવમાં લોકસંગીત વણાયેલું છે. દરેક પ્રસંગને અનુરૂપ લોકગીતો સાંભળવા મળે છે. અલગ-અલગ ધર્મનાં, કોમના, લોકોનું પણ એક આગવું લોકસંગીત છે. લોકસંગીત આપણા સમાજની અલગ-અલગ પરિસ્થિતિમાંથી ઉદ્ભવેલું સંગીત છે. લોકો પ્રસંગાનુસાર પોતાની આગવી અભિવ્યક્તિ લોકસંગીત દ્વારા વ્યક્ત કરે છે. લોકસંગીત લોકો દ્વારા, લોકો વચ્ચે વિકસિત થયું છે. આપણા ગુજરાતમાં દુહા, છંદ, હાલરડાં, ભજન, ગરબા, રાસ, લગ્નગીત વગેરે લોકસંગીતના પ્રકારો વિશેની માહિતી આપણે આ એકમમાંથી મેળવીશું :

**(1)** **લોકગીત :** લોકો દ્વારા, લોકબોલી અને લોકઢાળમાં ગવાતાં વિવિધ તાલબદ્ધ ગીતોને લોકગીત કહે છે. લોકગીતમાં મુખ્યત્વે હિંચ, દીપચંદી, કહરવા વગેરે તાલોમાં ગવાય છે.

**ઉદાહરણ :** (1) કહરવા : રૂડી ને રંગીલી રે વ્હાલા તારી વાંસળી રે લોલ

(2) હિંચ : મારે ટોડલે બેઠો રે મોર...

(3) દીપચંદી : સોનલા વાટકી ને રૂપલા કાંગસડી.

**(2)** **ભજન :** જે કાવ્યોમાં ઈશ્વરસ્તુતિ કે તત્ત્વચિંતન વર્ણન હોય તથા પરંપરાગત ઢાળમાં વિવિધ તાલોમાં ગવાતાં ભક્તિપદને ભજન કહે છે. ભજન એટલે ભજવું, ભજન મુખ્યત્વે બે પ્રકારના છે :

(1) પ્રાચીન ભજન અને (2) અર્વાચીન ભજન. અર્વાચીન રચનાને 'ભક્તિગીત' કહે છે.

નરસિંહ મહેતા, મીરાંબાઈ, કબીર, બ્રહ્માનંદ વગેરે ભક્તકવિ-કવિયત્રીઓએ લખેલાં ભજનો ખૂબ પ્રસિદ્ધિ પામેલાં છે. ભજનમાં મુખ્યત્વે કહરવા, દાદરા, રૂપક, દીપચંદી વગેરે તાલોમાં ગવાય છે.

**ઉદાહરણ :** (1) વૈષ્ણવજન તો તેને રે કહીએ...

(2) વીજળીને ચમકારે...

**(3)** **કીર્તન :** ભક્તિસંગીતનો પ્રાચીન પ્રકાર છે જેમાં.

નવધા(નવ) ભક્તિગીતોનો સમાવેશ થાય છે. આ ગીતોમાં મૂળ ઈશ્વરના ગુણગાન ગાવાની ભાવના રહેલી છે. આ પ્રકારનાં ગીતો ખાસ કરીને પુષ્ટિમાર્ગીય સંપ્રદાય હવેલીઓમાં અને દક્ષિણ-ભારતમાં કીર્તનની રચનાઓ કરીને ઝાંઝ-પખવાજ સાથે ગવાય છે.

દક્ષિણ ભારતમાં પંડિત ત્યાગરાજે સૂક્ષ્મ સ્વરસ્થાનોનો પ્રયોગ કરી રાગભાવનાનો પૂર્ણ રીતે સંચાર કર્યો છે. કીર્તનમાં નાયક તરીકે રામ-લક્ષ્મણને પ્રમાણભૂત તરીકે સ્વીકાર્યા છે. પ્રભુના સાંનિધ્યમાં ગવાતા ભક્તિસંગીતને કીર્તન કહે છે.

(4) **લગ્નગીત :** લગ્નની વિધિ પ્રમાણે લગ્નની કંકોત્રીથી માંડીને કન્યાવિદાય સુધીના પ્રસંગોને અનુરૂપ તાલબદ્ધ ગવાતાં ગીતોને લગ્નગીત કહે છે. લગ્નગીત મોટે ભાગે દીપચંદી તાલમાં વધુ ગવાય છે.

**નોંધ :** લગ્ન-પ્રસંગે 'ફટાણા' પણ ગવાય છે. જેમકે ઘરમાં નો'તી સાડી તો શાને પરણાવી લાડી મારા વેવાઈ

(1) કંકુ છાંટી કંકોતરી મોકલો...

(2) પ્રથમ પાટે પધારો...

**(5)** **હાલરડાં :** જે માતા પોતાના બાળકને પારણામાં પોઢાડી હીંચકો ઝૂલાવીને જે ગીતો ગાય છે તેને હાલરડાં કહે છે. હાલરડાંમાં માતાની મમતા અને વાત્સલ્યનાં દર્શન થાય છે. ગુજરાતમાં શિવાજીની માતા જીજાબાઈ અને મહાવીર સ્વામીની માતા ત્રિશલા દેવીના 'હાલરડાં ખૂબ પ્રસિદ્ધ છે.

**ઉદાહરણ :** (1) આભમાં ઉગેલ ચાંદલો ને જીજાબાઈને... (મેઘાણી)

(2) માતા ત્રિશલા ઝૂલાવે પુત્ર પારણું રે... (વિનયવિજયજી)

(3) માતા જશોદા ઝૂલાવે પુત્ર પારણે રે...

**(6)** **ગરબી :** માત્રા પુરુષો દ્વારા લોકસંગીતના તાલોમાં ગવાતા કૃષ્ણભક્તિનાં પદોને ગરબી કહે છે. જેમાં નૃત્યના શાસ્ત્રીય લક્ષણોનું બંધન હોતું નથી. પરંપરાગત મૂળ સ્વરૂપમાં જાળવવાનો હેતુ રહેલો છે. ગરબીમાં કૃષ્ણભક્તિનાં પદો ગવાતા હોય છે. ગરબી ભક્તકવિ દયારામ અને ભાલણના સમયથી ગવાય છે. લોક કંઠે ગવાતી ગરબી :

**ઉદાહરણ :** (1) ઉધ્ધવ નંદનો છોરો તે ન મેરો થયો જો...

(2) પ્રેમની પીડા તે કોને કહિયે રે...

(3) હું શું જાણું જે વ્હાલે મુજમાં શું દીઠું...

(4) કાનુડો કામણ ગારો રે...

(5) વ્રજ વહાલું રે વૈકુંઠ નહિ આવું...

**(7)** **ગરબા :** માતાજીના વર્ણનવાળા ઐતિહાસિક કે કુટુંબજીવન પર આધારિત ગીત કે જે તાલ હીંચ કે કહરવામાં બહેનો સાથે મળી, હાથથી તાલબદ્ધ તાલી આપી ગોળ ઘૂમીને જે ગીત ગાય છે તેને ગરબા કહે છે. ગરબા મુખ્યત્વે બે પ્રકારના જોવા મળે છે : (1) પ્રાચીન ગરબા અને (2) અર્વાચીન ગરબા. જેમાં ત્રણતાળી અને બેતાળીના ગરબા હોય છે. ગરબા મુખ્યત્વે આસોની નવરાત્રીમાં જોવાં મળે છે. આંતરરાષ્ટ્રીય લોકનૃત્યમાં ગુજરાતના ગરબાને અગ્રિમ સ્થાન મળેલ છે.

**ઉદાહરણ :** (1) રમે અંબેમાં ચાચરના ચોકમાં રે લોલ... તાલ : કહરવા

(2) માઁ પાવા તે ગઢથી ઊતર્યાં મહાકાળી રે... તાલ : હીંચ

**(8)** **રાસ :** ગરબા જેવાં જ ઢાળવાળાં ગીતો કે જેમાં કૃષ્ણલીલાનું વર્ણન હોય તથા વિલંબિત કે દ્રુતલયમાં હીંચ તાલમાં દાંડિયાં સાથે જે ગીત ગવાય છે તેને રાસ કહે છે. રાસમાં ઘણી વાર મંજિરા કે ટિપ્પણીનો ઉપયોગ કરીને ગવાય છે. રાસ સૌરાષ્ટ્રનો પ્રાચીન લોકનૃત્યનો પ્રકાર છે. જેમકે,

(1) દાંડિયારાસ (2) તાલીરાસ (3) ટીપ્પણી રાસ, જાણીતા રાસના પ્રકાર છે.

**ઉદાહરણ :** (1) હો રંગરસિયા ક્યાં રમી આવ્યાં રાસ જો...

(2) આશાભર્યાં તે અમે આવિયાને મારે વ્હાલે રમાડ્યા રાસ રે...

**(9)** **છંદ :** નક્કી કરેલા અક્ષરો કે માત્રાઓ પ્રમાણે શબ્દોની કાવ્યરચના થાય છે. તેને છંદ કહે છે. છંદના મુખ્યત્વે બે પ્રકાર હોય છે : (1) અક્ષર મેળ છંદ અને (2) માત્રા મેળ છંદ.

છંદ એ સૌરાષ્ટ્રનો પ્રાચીન લોકસંગીતનો ગીતપ્રકાર ગણાય છે. તેમાં ચાર પંક્તિઓ હોય છે. છંદનું શબ્દોચારણ દ્રુતલય તથા હીંચ તાલમાં વધુ ગવાય છે. ખાસ કરીને ગઢવી, ચારણ અને બારોટ લોકો છંદનો વિશેષ પ્રયોગ કરે છે. લોકગીતોમાં ઝૂલણાં, લલિત, ચર્ચરી વગેરે છંદો સંગીતમય તાલબદ્ધ ઢાળમાં ગવાય છે.

**ઉદાહરણ :** (1) કવિ ગંગ કહે સુન શાહ અકબર, મૂરખ મિત્ર કિયોના કિયો.

**(10) દુહા :** જે લોકગીતમાં મનુષ્યજીવનના અનેક પ્રસંગો તેમજ પ્રદેશની વિવિધ વાતોનું વર્ણન કરવામાં આવે તેને દુહા કહે છે. દુહા બે કે ચાર પંક્તિના હોય છે. દુહા મુખ્યત્વે તાલ હીંચ અને કહરવામાં વધુ ગવાય છે. દુહા સૌરાષ્ટ્રનો ખૂબ લોકપ્રિય એવો લોકસંગીતનો પ્રકાર છે.

**ઉદાહરણ :** (1) વા ફરે, વાદળ ફરે, ફરે નદીનાં પૂર.

શૂરા બોલ્યા ના ફરે, પશ્ચિમ ઊગે સૂર.

**(11) મરસિયાં :** કોઈ પણ વ્યક્તિના મૃત્યુ/અવસાન વખતે તે પ્રસંગને અનુરૂપ શબ્દો સાથે હૃદયભેદક કરુણ સ્વરે ગવાતાં ગીતોને મરસિયાં કહે છે. મરસિયાંમાં વ્યક્તિનાં સ્મરણો અને શુભકાર્યોને યાદ કરીને સ્વજનો ગાય છે. મરસિયાં કરુણ રસ પ્રધાન હોય છે.

મરસિયાં એ મંદાક્રાંતા છંદનો એક પ્રકાર છે.

**ઉદાહરણ :** (1) હે ચંપાના બાપા દેશ કાજે પ્રાણ દીધા,

અમને મધદરિયે લાવી ડૂબતાં કિધા...

**(12) ધોળ :** સ્વામીનારાયણ અને વૈષ્ણવ સંપ્રદાયમાં અમુક નક્કી કરેલા ઢાળમાં ગવાતાં ભક્તિગીતોને ધોળ કહે છે. ધોળ એ કીર્તનનો પ્રકાર છે. તાલ કહરવા, દાદરા, રૂપક વગેરે તાલોમાં આ પ્રકાર વધુ ગવાય છે.

**ઉદાહરણ :** (1) પામર નર ન ભજ્યો ભગવાન...

(2) ધન્ય ધન્ય એ સંત સુજાણને...

આમ, આ ઉપરાંત લોકગીત/લોકસંગીત રામગરી, પ્રભાતિયાં, રાસડા, ખાયણાં, ગરબી, વાવણી ગીતો, લણણી ગીતો, વર્ષાગીતો, ઘંટી કે ચક્કી ગીતો વગેરે ગુજરાતમાં પ્રચલિત છે.

## સ્વાધ્યાય

**1. એક શબ્દમાં જવાબ આપો :**

(1) ઈશ્વરસ્તુતિ કે આધ્યાત્મિક વર્ણનવાળા ભક્તિપદને શું કહે છે ?

(2) લગ્નપ્રસંગે ગવાતાં ગીતને શું કહે છે ?

(3) નાના બાળકને સુવડાવવા માટેના ગીતને શું કહે છે ?

(4) નવરાત્રીમાં શું ગવાય છે ?

(5) કયા ગીતપ્રકારમાં દાંડિયાંની જરૂર પડે છે ?

(6) કોઈ પણ વ્યક્તિના મૃત્યુ-પ્રસંગે ગવાતાં ગીતને શું કહે છે ?

(7) ગરબા ક્યારે ગવાય છે ?

(8) ગઢવી લોકો ખાસ કરીને શેનો વિશેષ પ્રયોગ કરે છે ?

(9) કયા લોકગીત પ્રકારમાં મનુષ્ય-જીવનના પ્રસંગો તેમજ પ્રદેશની વિવિધ વાતોનું વર્ણન હોય છે ?

**2. ખાલી જગ્યા પૂરો :**

(1) લોકો દ્વારા લોકબોલી અને લોકઢાળમાં ગવાતાં વિવિધ તાલબદ્ધ ગીતોને ......... કહે છે.

(2) લગ્નની કંકોત્રીથી કન્યાવિદાય સુધીના પ્રસંગોને અનુરૂપ તાલબદ્ધ ગવાતાં ગીતોને ......... કહે છે.

(3) રાસ રમવા માટે .........ની જરૂર પડે છે.

(4) નરસિંહ મહેતા તથા મીરાંબાઈએ રચેલા ભક્તિપદને ......... કહે છે.

(5) નાના બાળકને સુવડાવવા ......... ગવાય છે.

(6) છંદના મુખ્યત્વે ......... પ્રકાર હોય છે.

(7) ......... લોકો ખાસ કરીને છંદનો વિશેષ પ્રયોગ કરે છે.

●

# 4 સ્ટાફ સ્વરલિપિ પદ્ધતિ

**પ્રસ્તાવના**

સંગીતના ક્રિયાત્મક રૂપને સ્થાયી કરવા માટે જ નોટેશન પદ્ધતિ અથવા સ્વરાંકન પદ્ધતિનો જન્મ થયો. તેમાં સમય સમય પર આવશ્યકતા અનુસાર સંશોધનો થતાં રહ્યાં. પ્રારંભથી આજદિન સુધી ભારત તથા વિશ્વમાં અનેક નોટેશન પદ્ધતિઓનો જન્મ અને વિકાસ થયો છે.

નોટેશન પદ્ધતિનો લાભ એ છે કે, કોઈ પણ દેશના ભૂતકાળના ક્રિયાત્મક સંગીતના સ્વરૂપને આ પદ્ધતિથી લિપિબદ્ધ કરીને જીવંત રાખી શકાય છે.

## સ્ટાફ સ્વરલિપિ પદ્ધતિ

આમ તો સ્ટાફ સ્વરલિપિ પદ્ધતિ ન્યુમસ સ્વરલિપિ પદ્ધતિનું પરિવર્તન સ્વરૂપ માનવામાં આવે છે. સ્ટાફ સ્વરલિપિમાં સૌપ્રથમ પાંચ સમાંતર આડી રેખાઓ દોરવામાં આવે છે, જેને સ્તંભ Staff કહેવામાં આવે છે. આ રેખાઓની વચ્ચે સ્વરોને લખવામાં આવે છે. આ પદ્ધતિનું મુખ્ય પાસું એ છે કે, સ્વર અને તાલને એક સાથે લખવામાં આવે છે. આમ, એક જ ચિહ્નમાં સ્વરતાલ તથા લયનો સંકેત મળી જાય છે.

આ નોટેશન પદ્ધતિની વિશેષતા એ છે કે, સંગીતના સૂક્ષ્મતમ ભાવોને પ્રગટ કરી શકાય છે. માટે જ આપણા ભારતીય કલાકારો જેમાં ખાસ કરીને ફિલ્મસંગીત નિર્દેશક, સ્ટાફ સ્વરલિપિનો ઉપયોગ કરે છે.

ખાસ કરીને પાશ્ચાત્ય સંગીતમાં સામૂહિકતા, પાર્શ્વસંગીત તથા સાધારણ પ્રભાવ મૂળ ઉપાર્જન હોય છે માટે જ પાશ્ચાત્ય સંગીત સ્ટાફ સ્વરલિપિ પદ્ધતિનો વિકાસ પૂરક રહ્યો છે.

વૃન્દ સંગીતમાં સમયજોગ, વિભિન્ન કંઠ્ય-સ્વરોનો સમાવેશ થતો રહ્યો છે. પાશ્ચાત્ય સંગીતમાં બધા જ ઉપયોગી નાદોનું પ્રતિનિધિત્વ કરવું સ્ટાફ પદ્ધતિ માટે જરૂરી હતું. આમ જોવા જઈએ તો સ્ત્રી, પુરુષ તેમજ બાળકોના સ્વાભાવિક કંઠ-સ્વરમાં પરસ્પર અંતર હોય છે. આને સારી રીતે દિગ્દર્શિત કરવા માટે સ્ટાફ સ્વરલિપિ પદ્ધતિમાં એક પંક્તિ (stave) વધારવામાં આવી છે.

સ્ટાફમાં પાંચ પંક્તિના સ્થાને હવે કુલ છ પંક્તિ બની ગઈ, છતાં પણ સંગીતના સંભાવિત સ્વરોની વિવિધતા તેમજ માનવ-કંઠની વિશાળતા, આટલાથી પ્રગટ ન થતી હતી, તેથી સ્ટાફ સ્વરલિપિ પદ્ધતિમાં અગિયાર પંક્તિઓ (staves)નો એક વિશાળ સ્ટાફની કલ્પના કરવામાં આવી. આમ અગિયાર પંક્તિઓને Grand staff કહેવામાં આવે છે.

સ્ટાફ સ્વરલિપિ પદ્ધતિને વાંચવા અને સમજવા માટે એના સ્વર-સંકેતોનો પરિચય હોવો જરૂરી છે.

**ગ્રાન્ડ સ્ટાફ**



**શુદ્ધ સ્વરોનું આકલન :**

સ્ટાફ નોટેશન પદ્ધતિમાં સ્વરોને લખવા માટે અંડાકાર 'O' ચિહ્નનો પ્રયોગ કરવામાં આવે છે. સ્વરોને પ્રગટ કરવા માટે અંડાકાર 'O' ચિહ્નને આ રેખાઓની ઉપર અને મધ્ય ભાગમાં રાખવામાં આવે છે.




ઉપર્યુક્ત આકૃતિ જોવાથી ધ્યાનમાં લેવાની યોગ્ય બાબતો એ છે કે,

(1) એક સ્વર જો રેખાની ઉપર હોય તો બીજા સ્વરરેખાની વચ્ચે હોય.

(2) દરેક સ્વરને લખવા માટે એક જ ચિહ્નનો ઉપયોગ થાય છે.

(3) છઠ્ઠી રેખા બિંદુરેખા બનાવવી.

બિંદુરેખા પર મૂકવામાં આવતા સ્વરને 'મધ્યસપ્તકનો સા' માનવામાં આવે, તો 'મધ્યસપ્તક અને મંદ્સપ્તક' નીચેની આકૃતિ પ્રમાણે લખી શકાય :

**(ગ્રાન્ડ સ્ટાફ)**




**ટ્રેબલ ક્લેફ**



પાશ્ચાત્ય સંગીતમાં ઉપર્યુક્ત ચિહ્નને ટ્રેબલ ક્લેફ (Treble clef) કહેવામાં આવે છે. ટ્રેબલ ક્લેફનું ચિહ્ન એ નિર્દેશિત કરે છે કે, સ્ટાફની રેખાઓમાં નીચે એક વધારાની છઠ્ઠી રેખા ઉપર સ્વર લખવામાં આવે તો એ સ્વરને મધ્યસપ્તકનો 'સા' ગણવામાં આવશે.

ટ્રેબલ ક્લેફનું ચિહ્ન મધ્યસપ્તક અને તાર સપ્તકના સ્વરો ઓળખવા માટે વાપરવામાં આવે છે.

**બાસ ક્લેફ**



પાશ્ચાત્ય સંગીતમાં ઉપર્યુક્ત ચિહ્નને બાસ ક્લેફ (Bass clef) કહેવામાં આવે છે. બાસ ક્લેફનું ચિહ્ન મંદ્રસપ્તકના સ્વરોને દર્શાવવા માટે વાપરવામાં આવે છે.

**શુદ્ધ સાત સ્વર સ્થાન**

પાશ્ચાત્ય પદ્ધતિથી આપણે સ્ટાફ, ગ્રાન્ડ, સ્ટાફ, ટ્રેબલ ક્લેફ અને બાસ ક્લેફ વિશે આપણે માહિતી મેળવી લીધી છે.

હવે શુદ્ધ સાત સ્વરો પાશ્ચાત્ય સ્વરલિપિ પદ્ધતિ પ્રમાણે કેમ લખાય તેની માહિતી નીચે પ્રમાણે છે :

સૌપ્રથમ સ્ટાફની પાંચ રેખાઓ દોરીશું :-

- મધ્યસપ્તકના ચિહ્ન હવે ટ્રેબલ ક્લેફ બનાવીશું.
- પાંચ રેખાઓ પછી છઠ્ઠી રેખા દોરી મધ્યસપ્તકના ષડ્જને ત્યાં સ્થાન આપીશું.
- મધ્ય ષડ્જની રેખાની વચ્ચે આવતો હોય તો એના પછીનો સ્વર રેખાની ઉપર આવતો હોય એ રીતે ક્રમ જાળવી સપ્તકના બાકીના સ્વર લખીશું.



સા રે ગ મ પ ધ નિ સાં

આ અભ્યાસક્રમ પ્રમાણે સ્ટાફ સ્વરલિપિ પદ્ધતિની ટૂંકમાં માહિતી આપવામાં આવી છે. આના આધારે પ્રાથમિક જ્ઞાનમાં સારો વધારો કરી શકાય છે.

**સ્વાધ્યાય**

**1. નીચે આપેલા પ્રશ્નોના જવાબો ટૂંકમાં લખો :**

(1) સ્ટાફ સ્વરલિપિ પદ્ધતિમાં પાંચ સમાંતર આડી રેખાઓને શું કહેવામાં આવે છે ?

(2) ટ્રેબલ ક્લેફનું ચિહ્ન કયું છે ?

(3) બાસ ક્લેફનું ચિહ્ન કયું છે ?

(4) સ્ટાફ નોટેશન પદ્ધતિમાં રેખાઓની વચ્ચે સ્વરોને લખવા માટે કયાં ચિહ્નનો ઉપયોગ કરવામાં આવે છે ?

(5) અગિયાર આડી રેખાઓના સ્ટાફને શું કહેવામાં આવે છે ?

# સ્વરલિપિ પરિચય

(પંડિત વિષ્ણુનારાયણ ભાતખંડે પદ્ધતિ પ્રમાણે)

**સ્વરલિપિનાં ચિહ્નો**

| | |
|---|---|
| (1) શુદ્ધ સ્વર | સા રે ગ મ |
| | કોઈ ચિહ્ન નહિ. |
| (2) કોમળ સ્વર | રે̲ ગ̲ ધ̲ નિ̲ |
| | સ્વરની નીચે આડી લીટી |
| (3) તીવ્ર સ્વર | મ॑ |
| | સ્વરની ઉપર । ઊભી લીટી |
| (4) મંદ્રસપ્તક | નિ̣ ધ̣ પ̣ |
| | સ્વરની નીચે બિંદી |
| (5) મધ્યસપ્તક | સા રે ગ |
| | કોઈ ચિહ્ન નહિ. |
| (6) તાર સપ્તક | સા̇ રે̇ ગ̇ |
| | સ્વરની ઉપર બિંદી |
| (7) કણ સ્વર | $^{\text{પ}}$ગ $^{\text{મ}}$રે |
| (સ્પર્શ સ્વર) | સ્વરની ઉપર ડાબી બાજુએ સ્વર |
| (8) મીંડ | ⁀પ ગ |
| (9) સમ | × |
| (10) તાલી | 2, 3, 4 |
| | તાલમાં આવતી તાલીની સંખ્યા પ્રમાણે |
| (11) ખાલી | o |
| (12) આવર્તન પૂરું | \| |
| (13) એક માત્રાની નિશાની | સા |
| | કોઈ ચિહ્ન નહિ. |

| | |
|---|---|
| (14) ૧/૨ માત્રાની નિશાની | સારે |
| | એક માત્રામાં બે સ્વરો, દરેક સ્વરની 1/2 માત્રા |
| (15) ૧/૪ માત્રાની નિશાની | સારેગમ |
| | એક માત્રામાં ચાર સ્વરો, દરેક સ્વરની 1/4 માત્રા |
| (16) ૧/૮ માત્રાની નિશાની | સારેગમ પધનિસાં |
| | એક માત્રામાં આઠ સ્વરો, દરેક સ્વરની 1/8 માત્રા |
| (17) બે માત્રાની નિશાની | સા - |
| | સ્વર લંબાવવા આડી લીટી |
| (18) સ્વર-ઉચ્ચારણ | સાં - - નિ |
| | સ્વર લંબાવવા માટે આડી લીટી |
| (19) શબ્દ-લેખન | રા ડ ડ મ |
| | ગીતનો અક્ષર લંબાવવા અવગ્રહ |

●

# 5 છંદની ઉદાહરણ સહિતની માહિતી

**પ્રસ્તાવના**

**સાહિત્ય, સંગીત કલાવિહિન નર,**
**સાક્ષાત્ પશુ પૂચ્છ વિષાણ હિન... - ભતૃહરિ**

વિદ્યાર્થી સંગીતની પ્રારંભિક સમજ મેળવીને પોતાની સૂઝબૂઝથી પ્રાર્થનાગીતો, લોકગીતો, ભક્તિગીતો, ધૂન, પ્રેરણાગીતો, દેશભક્તિગીતો, ઉત્સવગીતો, પર્યાવરણગીતો વગેરેને શાળાકક્ષાએ અનુકરણ કરી પોતાની સુષુપ્ત શક્તિને રજૂ કરવાનો પ્રયત્ન કરતો હોય છે. મધુર ધ્વનિને સાંભળીને તે આનંદ પ્રાપ્ત કરે છે, તેથી વધુ આનંદ છંદ-બંધારણને શીખી, તેના દ્વારા વિશેષ આનંદ મેળવી શકે છે.

ગુજરાતના ઉત્તમ કોટિના કવિઓએ રચેલા છંદ-બદ્ધ કાવ્યોને સ્વરબદ્ધ રીતે રજૂઆત કરે તો પોતે અલૌકિક આનંદની અનુભૂતિ પ્રાપ્ત કરે છે. ઉત્તમ કાવ્યો મંદાક્રાંતા, શિખરિણી, અનુષ્ટુપ જેવા છંદમાં રચાયેલ છે. તે કાવ્યો ઉત્તમ ગેયતા પ્રાપ્ત થાય છે ને તે દ્વારા એક ઉત્કૃષ્ટ કૃતિ રચાય છે.

સાહિત્ય સાથે છંદના સુમેળથી કર્ણપ્રિય કૃતિનું નિર્માણ થાય તે માટે છંદની ઉદાહરણ સહિત માહિતી મેળવીશું.

**છંદ :** નક્કી કરેલા અક્ષરો કે માત્રાઓ પ્રમાણે શબ્દોની કાવ્યરચના થાય છે, તેને ‘છંદ કહે છે. અર્થાત્ વાણી શબ્દોની બનેલી છે અને શબ્દો અક્ષરના બનેલા છે. તેથી જ અક્ષર એ વાણીના ઉચ્ચારનો એકમ છે. કવિ પોતાની કૃતિમાં વાણીને પ્રયોજતાં તેના અક્ષરોના માપથી ભિન્ન ભિન્ન આકૃતિઓ રચે છે. આ આકૃતિ કે આકાર તે જ ‘છંદ’. છંદના મુખ્યત્વે બે પ્રકાર છે : (1) અક્ષરમેળ છંદ અને (2) માત્રામેળ છંદ. સંગીતશાસ્ત્રના અભ્યાસથી જેમ સંગીતનો વધુ આનંદ લઈ શકાય છે તેમ છંદશાસ્ત્રના અભ્યાસથી કાવ્યોનો વધુ આનંદ લઈ શકાય છે. આ છંદોનું બંધારણ સમજવા તેના કેટલાક પારિભાષિક શબ્દોની સમજ જરૂરી છે.

**લઘુ :** એટલે નાનું. જે અક્ષરનો ઉચ્ચાર કરતાં સમય ઓછો લાગે છે તેને ‘હ્રસ્વ’ કે ‘લઘુ’ અક્ષર કહે છે. તેની સંજ્ઞા ‘લ’ છે.

**ગુરુ :** એટલે મોટું. જે અક્ષરનો ઉચ્ચાર પ્રમાણમાં વધુ સમય લે છે તે ‘દીર્ઘ અથવા ‘ગુરુ અક્ષર કહેવાય છે. તેની સંજ્ઞા ‘ગા’ છે.

હવે આપણે છંદના બે પ્રકારો વિશે સમજીએ : (1) અક્ષરમેળ છંદ (2) માત્રામેળ છંદ.

**અક્ષરમેળ છંદ :** જેની પ્રત્યેક પંક્તિના અક્ષરોની સંખ્યા નક્કી કરેલી હોય છે તેવા છંદને ‘અક્ષરમેળ છંદ’ કહે છે. લઘુ અને ગુરુ એ અક્ષરમેળ છંદના એકમો છે. અક્ષરમેળ છંદોને ‘વૃત્તો’ પણ કહેવાય છે.

**માત્રામેળ છંદ :** માત્રામેળ છંદને જાતિછંદો પણ કહે છે. તેનો સંબંધ છંદમાંની પંક્તિઓની અક્ષરસંખ્યા સાથે નથી પણ માત્રાની સંખ્યા સાથે છે. તેથી તે સંગીતના તાલોમાં ગાઈ શકાય છે. અહીં લઘુની એક અને ગુરુની બે માત્રા ગણવામાં આવે છે. તેમાં નિયત સંખ્યાના માત્રા સંધિનાં આવર્તનો હોય છે. આ માત્રા સંધિઓ ચાર છે : (1) ત્રિકલ (2) ચતુષ્કલ (3) પંચકલ (૪) સપ્તકલ.

**ત્રિકલ :** ત્રણ માત્રાના સંધિને ‘ત્રિકલ’ કહે છે. તેને તાલ : દાદરામાં પ્રયોજી શકાય.

**ચતુષ્કલ :** ચાર માત્રાના સંધિને ‘ચતુષ્કલ’ કહે છે. તેને તાલ : કહરવા / કેરવા, ધુમાળી, ત્રિતાલ ઈત્યાદિ તાલોમાં પ્રયોજી શકાય.

**પંચકલ :** પાંચ માત્રાના સંધિને 'પંચકલ' કહે છે. તેને તાલ : ઝપતાલમાં પ્રયોજી શકાય.

**સપ્તકલ :** સાત માત્રાના સંધિને 'સપ્તકલ' કહે છે. તેને તાલ : રૂપક, તેવરા કે દીપચંદીમાં પ્રયોજી શકાય.

હવે આપણે 'યતિ' વિશે સમજીએ તથા તેના બે પ્રકારોની માહિતી મેળવી લઈએ :

**યતિ :** એટલે વિરામ. એક સાથે આવતાં લઘુ-ગુરુ અક્ષરોના ભારણને કારણે છંદની પંક્તિઓની વચ્ચે ગાતાં કે પઠન કરતાં વિરામ આવશ્યક બને છે. તે વિરામસ્થળને 'યતિ' કહે છે.

**અયતિક છંદ :** જે છંદની પંક્તિઓની વચ્ચે વિરામ નથી આવતો તે છંદને 'અયતિક' છંદ કહે છે.

**સયતિક છંદ :** જે છંદની પંક્તિઓની વચ્ચે વિરામ આવે છે તે છંદને 'સયતિક છંદ' કહે છે.

**મંદાક્રાંતા :** આ સયતિક અક્ષરમેળ છંદ છે. તેના પ્રત્યેક ચરણમાં સત્તર (17) અક્ષરો જેમાં (૭ લઘુ + ૧૦ ગુરુ) આવે છે. તેની દરેક પંક્તિના ચોથા અને દસમા અક્ષરે યતિ આવે છે એટલે કે તે બે યતિવાળો છંદ છે.

મંદાક્રાંતા એટલે (મંદા + આક્રાંતા) ધીરું ધીરું રડતી સ્ત્રી જેવો અવાજ. 'મેઘદૂત' પ્રસિદ્ધ આ છંદ દીર્ઘલયવાળો હોવાથી કરુણરસ માટે ખાસ પ્રયોજાય છે. તેનું સ્વરૂપ નીચે મુજબ છે : (સ્વરલિપિ સાથે)

**છંદનું બંધારણ :** ગાગાગાગા, લલલલલગા, ગાલગા, ગાલગાગા-

મ, ભ, ન, ત, ત, ગાગા

રે-રે-સારેસાની઼, સારેરેસારેસાની઼, સા-રેગ-રે-ગરે-સા.

વ્હા-લી-બા-ળા-, સહન કરવું-, એ-ય છે - એક - કલ્હા-ણું.

મા-ણ્યું - તે - નું-, સ્મરણ કરવું-, એ-ય છે - એક કલ્હા-ણું.

સા-સા-રેમમ, રેમમરેમમ, ગ-ગગ-સા-ગરેસાનિ઼.

મૃ-ત્યુ-થા-તાં, રટણ કરવું, ઇ-ષ્ટનું - એ - ય લ્હા - ંણું.

(1) વ્હાલી બાળા, સહન કરવું, એય છે એક કલ્હાણું.
માણ્યું તેનું સ્મરણ કરવું, એય છે એક કલ્હાણું.
મૃત્યુ થાતાં, રટણ કરવું, ઈષ્ટનું એય લ્હાણું.

(2) તે પંખીની ઉપર પથરો ફેંકતાં ફેંકી દીધો,
છૂટ્યો તેને અરરર ! પડી ફાળ હૈયા મહીં તો,
રે રે ! લાગ્યો દિલ પર અને શ્વાસ રુંધાઈ જાતાં,
નીચે આવ્યું, તરુ ઉપરથી પાંખ ઢીલી થતાંમાં.

આમ, મંદાક્રાંતાનું નામ કર્ણગોચર થતાં કવિ કુલગુરુ કાલિદાસની અમર પ્રસાદી મેઘદૂતની યાદ આવે જ આવે. મેઘદૂત એટલે મંદાક્રાંતાના ભવ્ય મધુર ગુંજનમાં લખાયેલા શ્લોકોનું સ્વર-માધુર્ય. મંદ રીતે જે આક્રાંત થાય છે તેવો આ છંદ સહૃદય ભાવકના માનસ પર, ધીમે ધીમે અસર કરતાં જાણે કે છવાઈ જાય છે.

જેના દરેક ચરણમાં 'મ, ભ, ન, ત, ત, ગા, ગા' (= 17 અક્ષર)
એવું ગણમાપ/બંધારણ હોય તથા 4, 6 અને 7 અક્ષરો પછી યતિ હોય છે. તે છંદને મંદાક્રાંતા કહેવાય છે.

**અનુષ્ટુપ :** આ અયતિક અક્ષરમેળ છંદ છે. તેના પ્રત્યેક ચરણમાં આઠ (8) અક્ષરો આવે છે. તેમાંનો પાંચમો અક્ષર લઘુ હોય છે. ઓછા નિયમવાળો આ છંદ ધીરગંભીર ભાવના આલેખન માટે સુખ્યાત છે. સંસ્કૃત સાહિત્યનો તે જૂનામાં જૂનો છંદ છે. રામાયણ અને મહાભારત ગ્રંથ તથા અઢાર પુરાણો અનુષ્ટુપ છંદનાં ઉત્તમ ઉદાહરણો છે. તેની સ્વરલિપિ નીચે મુજબ છે :

**છંદનું બંધારણ :** 8-8 અક્ષરનાં 4 ચરણ હોય છે. પહેલા અને ત્રીજા ચરણમાં પાંચમો લઘુ, છઠ્ઠો અને સાતમો ગુરુ. તેમાં છેલ્લો અક્ષર લઘુ ન હોવો જોઈએ.

સાગ-ગ-ગ-ગરે-ગ-ગ, રે-ગ-રે-સાનિ઼સા-રેરે,

નિશાડજેડસડર્વભૂડતોડની, તેડમાંડજાડ ગ્રતસંડયમી,

સા-રે-ગ-ગ-ગરે-ગ-રે, નિ઼-રે-નિ઼-રેગરે-નિ઼સા

જેડમાંડજાડગેડબધાંડભૂડતો, તેડજ્ઞાડનીડમુનિનીડનિશા.

(1) નિશા જે સર્વભૂતોની, તેમાં જાગ્રત સંયમી,
જેમાં જાગે બધાં ભૂતો, તે જ્ઞાની મુનિની નિશા.

**શિખરિણી :** આ સયતિક અક્ષરમેળ છંદ છે. તેના પ્રત્યેક ચરણમાં સત્તર (17) અક્ષરો જેમાં (9 લઘુ + 8 ગુરુ) આવે છે. તેની દરેક પંક્તિના છઠ્ઠા અક્ષરે યતિ આવે છે. આ છંદ સંસ્કૃત અને ગુજરાતી સાહિત્યમાં સારા પ્રમાણમાં વપરાયો છે. શરૂઆતમાં એક લઘુ પછી સામટા પાંચ ગુરુવાળો શિખરિણી છંદ આપણને ગિરિ-શિખરના ચઢાણની પ્રતીતિ કરાવી જાય છે. યતિ પછીનો પંક્તિનો બીજો ખંડ એક સામટા પાંચ લઘુથી શરૂ થતો હોઈ શિખર ચઢ્યા પછી સડસડાટ નીચે ઊતરતાં હોય તેવો આભાસ થાય છે. તેનું સ્વરૂપ સ્વરાંકન/ સ્વરલિપિ સાથે નીચે પ્રમાણે છે :

**છંદનું બંધારણ :** લગા ગાગાગાગા, લલલલલગા, ગાલ લલગા.

(ય મ ન સ ભ લ ગા)

ધ઼સા-રે-ગ-મ-ગરે, રેગરેસાનિ઼ સારેગ--રેનિ઼ રેસા,

અ સ - ત્યો-માં-હે-થી-, પ્રભુ પરમ સ-ત્યે--તું લઈજા,

ઊંડા - અં-ધા-રે-થી-પ્રભુ પરમ તે-જે--તું લઈ જા.

સાપ-પ-પ-પ-પ, સાપપપપપ-ધ--પમમગરે

મહા-મૃ-ત્યુ-માં-થી, અમૃતસમીપેના--થ લઈ જા-

રેગ-રે-સાનિ઼સા રેગ, રેગરેસાનિ઼ સારેગ-- રેનિ઼રેસા,

તુંહી-ણો-હું-છું-તો, તુજદરસનાં-દા -- નંદઈજા.

(1) અસત્યો માંહેથી પ્રભુ ! પરમ સત્યે તું લઈ જા,
ઊંડા અંધારેથી, પ્રભુ ! પરમ તેજે તું લઈ જા.
મહા મૃત્યુમાંથી, અમૃત સમીપે નાથ લઈ જા,
તું હીણો હું છું તો, તુજ દરસના દાન દઈજા.

(2) કદી મારી પાસે, વનવનતણાં હોત કુસુમો,
સુધા સ્પર્શે ખીલ્યાં, મધુ છલકતાં, શ્રી નીતરતાં.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ટૂંકા જવાબ આપો :**

(1) છંદ એટલે શું ?

(2) લઘુ અને ગુરુ વિશે સમજાવો.

(3) અક્ષરમેળ છંદ એટલે શું ?

(4) માત્રામેળ છંદ એટલે શું ?

(5) છંદના કેટલા પ્રકાર છે ? કયા કયા ?

(6) અયતિક અને સયતિક છંદ એટલે શું ?

**2. જોડકાં જોડો :**

| અ | બ |
|---|---|
| (1) ત્રિકલ | (1) સાત માત્રાની સંધિ |
| (2) ચતુષ્કલ | (2) પાંચ માત્રાની સંધિ |
| (3) પંચકલ | (3) ત્રણ માત્રાની સંધિ |
| (4) સપ્તક | (4) ચાર માત્રાની સંધિ |

●

# 6 જીવનચરિત્ર

**પ્રસ્તાવના**

ભારતીય સંગીત માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરનાર ઘણા સંગીતકારો છે. પ્રસ્તુત એકમમાં પંડિત ઓમકારનાથ તથા પંડિત વિષ્ણુનારાયણ ભાતખંડેના જીવનનો પરિચય આપવામાં આવ્યો છે. આ બંને મહાનુભાવોનાં જીવનચરિત્ર વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ છે. બાળપણથી જો સંગીત પ્રત્યે લગાવ હોય તો ચોક્કસ ભવિષ્યમાં ઉત્તમ સંગીતકાર બની શકાય છે. તેવું આ એકમથી પ્રતિપાદિત થાય છે.

## પંડિત ઓમકારનાથ ઠાકુર



**જન્મ**

પંડિત ઓમકારનાથ ઠાકુરનો જન્મ ઈ.સ. 1897માં જૂનની 24મી તારીખે વડોદરા રાજ્યના ખંભાત પાસેના જહાજ ગામમાં થયો હતો.

**બાલ્યકાળ**

પંડિત ઓમકારનાથ ઠાકુરનાં માતાનું નામ ઝવેરબા અને પિતાનું નામ ગૌરીશંકર હતું. પિતાજી ઓમકારના પરમ ઉપાસક હતા. તેથી તેમણે પુત્રનું નામ ઓમકારનાથ રાખ્યું. બાળપણથી જ ઓમકારને સંગીત સાંભળવાનો, ભજનો ગાવાનો, વ્યાયામ કરવાનો અને તરવાનો શોખ હતો. બાળપણમાં તેમનો અવાજ ખૂબ જ મધુર હતો. માત્ર ચૌદ વર્ષની વયે તેમના પિતાનું અવસાન થતા તેમણે પિતાની છત્રછાયા ગુમાવી, પરંતુ ભાગ્યમાં જાણે કે મહાન સંગીતકાર થવાનું નિર્માયુ હોય તેમ તેમને અણધારી સહાય મળી ગઈ. ભરૂચના શેઠ શાપુરજી મંચેરજી ડુંગાજીની મદદથી તેઓએ સંગીતાચાર્ય પં. વિષ્ણુદિગંબર પલુસ્કરના મુંબઈ ખાતેના ગાંધર્વ

મહાવિદ્યાલયમાં પ્રવેશ મેળવ્યો. સંગીતનો ખૂબ રિયાઝ કરી, માત્ર પાંચ વર્ષમાં સંગીતનો અભ્યાસ પૂર્ણ કર્યો અને એક મહાન ગાયક તરીકેની નામના મેળવી.

## સાંગીતિક કાર્ય

ઈ.સ. 1917માં તેમણે લાહોરમાં ગાંધર્વ મહાવિદ્યાલયના આચાર્ય તરીકે રહી અનેક વિદ્યાર્થીઓને સંગીત શીખવ્યું.

ઈ.સ. 1923માં વેલ્સ તથા અન્ય દેશોમાં જઈ સંગીતના અનેક કાર્યક્રમો દ્વારા ભારતીય સંગીતનો પ્રચાર અને પ્રસાર કર્યો. ત્યાર બાદ મુંબઈમાં 'ગુજરાત મહામંડળ' નામે એક સંગીત મંડળની સ્થાપના કરી.

## ગાયનશૈલી

પંડિતજી ગ્વાલિયર ઘરાનાના ગાયક હતા. તેઓ ખ્યાલ ગાયનમાં ખૂબ જ પારંગત હતા. કહેવાય છે કે, દોઢ-બે કલાક સુધી એક જ રાગને જુદા જુદા ઢંગથી આલાપ રજૂ કરવાની આવડત હિન્દુસ્તાનમાં ખૂબ ઓછા ગાયકોમાં હતી. તેમાં પંડિતજી મોખરે હતા. ખ્યાલ ઉપરાંત, ઠુમરી, ટપ્પા, ધ્રુપદ, ધમાર તેમજ ભજનો પણ કુશળતાપૂર્વક ગાઈ શકતા. તેમનાં કેટલાંક ભજનો આજે પણ લોકપ્રિય છે. જેવા કે 'મૈયા મોરી મૈં નહીં માખન ખાયો' અને 'જોગી મત જા મત જા' વગેરે. તેમના શબ્દોના ઉચ્ચાર સ્પષ્ટ અને ભાવપૂર્ણ હતા.

## સાંગીતિક પ્રદાન

મુંબઈમાં તેમણે 'સંગીત નિકેતન' નામના એક સંગીત વિદ્યાલયની સ્થાપના કરી. ઈ.સ. 1934માં કૉંગ્રેસની સામાન્ય સભામાં તેમણે 'વંદે માતરમ્' ગાયું હતું. પંડિતજીનું ગુજરાતી, હિન્દી, મરાઠી, સંસ્કૃત તેમજ અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ હતું. પંડિતજીએ લખેલાં પુસ્તકો જેવા કે, ''સંગીતાંજલિ'', ''પ્રણવભારતી'' અને ''સ્વરશાસ્ત્ર'' એમની વિદ્વતાનો આછો ખ્યાલ આપે છે. તે ઉપરાંત એમણે કેટલાક નવા રાગો જેવા કે 'પ્રણવકુંવર' અને 'પ્રણવરંજની' પણ રચ્યા છે.

## સાંગીતિક ઍવોર્ડ

પંડિત ઓમકારનાથ ઠાકુરને સંગીતક્ષેત્રમાં ઉચ્ચતમ પ્રદાન બદલ નેપાળ નરેશે 'સંગીત મહોદય', કાશી સંસ્કૃત વિદ્યાલયે 'ગાન સમ્રાટ', પંડિત મદનમોહન માલવિયજીએ 'સંગીત પ્રભાકર' તેમજ ભારત સરકારે 'પદ્મશ્રી'નો ઇલ્કાબ આપ્યો. આ ઉપરાંત બનારસ હિન્દુ યુનિવર્સિટીએ 'ડૉક્ટર ઑફ લિટરેચર' અને કોલકાતા યુનિવર્સિટીએ પણ 'ડૉક્ટર ઑફ લિટરેચર'ની પદવીથી વિભૂષિત કર્યા.

## શિષ્યગણ

પંડિતજીના શિષ્યગણમાં ખાસ કરીને બળવંતરાય ભટ્ટ, પ્રભાકર બર્વે, શ્રીમતિ એન. રાજમ (વાયોલિન-વાદિકા), અતુલ દેસાઈ, પ્રદીપ દીક્ષિત, કનકરાય ત્રિવેદી, ડૉ. પ્રેમલતા શર્મા ઉલ્લેખનીય છે.

## મૃત્યુ

જીવનના અંતિમ દિવસોમાં તેમને પક્ષઘાતનો હુમલો થવાથી તારીખ 29 ડિસેમ્બર, 1967ના રોજ સિત્તેર વર્ષની આયુ ભોગવી નાદબ્રહ્મમાં લીન થવા ધરતી પરથી ચિરવિદાય લીધી. પંડિતજીનો દેહવિલય થતાં ભારતીય સંગીતનો મહાન સિતારો ખરી પડ્યો હોય તેવો અહેસાસ સંગીતપ્રેમીઓને થયો.

*

# પંડિત વિષ્ણુનારાયણ ભાતખંડે



**જન્મ**

પંડિત વિષ્ણુનારાયણ ભાતખંડેનો જન્મ 10 ઑગસ્ટ, 1860ના રોજ મુંબઈના વાલકેશ્વરમાં એક સંસ્કારી, મહારાષ્ટ્રીયન કુટુંબમાં થયો હતો.

**બાલ્યકાળ**

વિષ્ણુનારાયણ ભાતખંડેના પિતાને સંગીત પ્રત્યે અપાર લગાવ હતો. તેમણે વિષ્ણુને સંગીતનો અભ્યાસ કરવા માટે પ્રેરિત કર્યા. બાળપણથી જ તેઓ બાળગીતો અને કાવ્યો ગાવામાં પાવરધા હતા. તેમનો કંઠ ખૂબ જ મધુર હતો. નાની વયમાં જ તેઓ બંસરીવાદન અને સિતારવાદનમાં સારી એવી નિપુણતા પ્રાપ્ત કરેલી. કૉલેજના દિવસો દરમિયાન પં. વિષ્ણુ નારાયણ ભાતખંડેએ સિતારની તાલીમ વલ્લભદાસ પાસેથી મેળવી. ત્યાર બાદ ગાયનની તાલીમ ધ્રુપદ ગાયક રાઓજીબા પાસેથી મેળવી.

## સાંગીતિક કાર્ય

પંડિત ભાતખંડેજીએ બી. એ. તથા એલએલ.બીની પરીક્ષાઓ પાસ કરીને ઈ.સ. 1887માં મુંબઈમાં વકીલાત શરૂ કરી. વકીલાતની સાથોસાથ શાસ્ત્રીય સંગીત પ્રત્યેની સાધના ઉત્તરોત્તર વધતી રહી. શાસ્ત્રીય સંગીત પ્રત્યેનું તેમનું આકર્ષણ અને સંગીતના ક્ષેત્રમાં કાંઈક નવું કરવાની પ્રબળ ઈચ્છાને કારણે તેમણે વકીલાત છોડી સંગીતના ઉદ્ધાર માટે પોતાનું જીવન સમર્પિત કર્યું. પંડિત ભાતખંડેજીએ હિન્દુસ્તાનનાં નાનાંમોટાં શહેરો, નગરો અને ગામડાઓમાં પ્રવાસ ખેડી ત્યાંનાં પુસ્તકાલયોમાં રહેલ સંગીતના પ્રાચીન ગ્રંથોનો અભ્યાસ કરીને તેમજ કેટલાય કલાકારોને સાંભળીને નવી નવી ચીજો, રાગો વગેરેનો સંગ્રહ કરવા લાગ્યા. આવી આશરે 2500 જેટલી ચીજોનો સંગ્રહ કરી 'ચર્તુદંડી પ્રકાશિકા' નામના ગ્રંથમાં તેમણે ઉત્તર હિન્દુસ્તાની સંગીતને દસ (10) થાટમાં વિભાજન કર્યું. આ રીતે તેઓએ ઉત્તર હિન્દુસ્તાની સંગીતને સરળ કર્યું. તદુપરાંત તેઓએ સ્વરલેખન પદ્ધતિ વિકસાવી. જે ભાતખંડે સ્વરલિપિ તરીકે ઓળખાય છે.

ઈ.સ. 1916માં મહારાજા સયાજીરાવની મદદથી પંડિત ભાતખંડેજીએ ભારતની સૌપ્રથમ સંગીત પરિષદ વડોદરામાં યોજી. આ પરિષદમાં સમગ્ર ભારતના સર્વ ઉચ્ચ કોટિના કલાકારોના સંગીત ઉપરાંત નિબંધવાચન તથા ચર્ચાઓ વગેરે યોજાયા હતા. આ ઑલ ઇન્ડિયા મ્યુઝિક કોન્ફરન્સનું પંડિતજીએ સફળતાપૂર્વક સંચાલન કર્યું હતું. આ ઉપરાંત તેઓએ લખનઉમાં પણ 'મેરિસ મ્યુઝિક કૉલેજ અને ગ્વાલિયરમાં 'માધવ સંગીત વિદ્યાલય' નામની સંસ્થાઓ શરૂ કરી હતી.

## ગાયનશૈલી

પંડિત ભાતખંડે ગાયનમાં કુશળ હતા. 'ખ્યાલ' ગાયનમાં આલાપચારી મુખ્ય અંગ હતું. તેઓનું 'સ્વર' અને લય પર ખૂબ જ પ્રભુત્વ હતું. તેઓ બંસરી અને સિતાર પણ સારી રીતે વગાડી શકતા.

## સાંગીતિક પ્રદાન

પંડિત ભાતખંડેજીએ 'હિન્દુસ્તાની સંગીત પદ્ધતિ' નામના ચાર ભાગનાં પુસ્તકોમાં સંગીતશાસ્ત્રનું બારિક અન્વેષણ કર્યું છે. તેમના મુખ્ય ''ક્રમિક પુસ્તક માલિકા ભાગ 1 થી 6'' ભાતખંડે સંગીતશાસ્ત્ર 1 થી 4 ''અભિનવ રાગ મંજરી'' તથા સંગીતના સિદ્ધાંતો વિશે તેમજ રાગોની વ્યાખ્યા વિશે તેમણે સંસ્કૃતમાં લખેલા પુસ્તકમાં ''લક્ષ્ય સંગીતમ્'' મુખ્ય છે.

## શિષ્યગણ

પંડિતજીના પ્રતિભાવાન શિષ્યોમાં મુખ્યત્વે પંડિત વાડીલાલ શિવરામ નાયક, પંડિત એસ. એન. રાંતાંજનકર તથા પ્રોફેસર ડી. પી. મુખરજી હતા.

## મૃત્યુ

સંગીતના મહાન તપસ્વી પંડિત વિષ્ણુનારાયણ ભાતખંડે ઈ.સ. 1936ની 19મી સપ્ટેમ્બરે સંગીતવિદ્યાના ઉપાસકો માટે અમૂલ્ય વારસો છોડીને સદ્ગતિ પામ્યા.

### સ્વાધ્યાય

**1. નીચે આપેલા પ્રશ્નોના વિકલ્પોમાં જે વિકલ્પ સાચો હોય તે વિકલ્પ પર ખરાની નિશાની કરો :**

(1) પંડિત ઓમકારનાથ ઠાકુરનો જન્મ ક્યાં થયો હતો ?

(એ) વડોદરા (બી) ભરૂચ (સી) લાહોર (ડી) જહાજ

(2) પંડિત ઓમકારનાથને કયો શોખ હતો ?

(એ) ક્રિકેટ રમવાનો (બી) નૃત્ય કરવાનો (સી) ભજન સાંભળવાનો (ડી) લડાઈ કરવાનો

(3) પંડિત ઓમકારનાથ ઠાકુર મુંબઈમાં કયા સંગીત મંડળની સ્થાપના કરી ?

(એ) ગુજરાત મહામંડળ (બી) ગુજરાત સંગીત મંડળ (સી) મહાગુજરાત મંડળ (ડી) ગાંધર્વ વિદ્યાલય

(4) ભારત સરકાર તરફથી પં. ઓમકારનાથજીને કયા ઇલ્કાબથી નવાજવામાં આવ્યા ?

(એ) ભારતરત્ન (બી) પદ્મશ્રી (સી) પદ્મવિભૂષણ (ડી) પદ્મભૂષણ

(5) પંડિત ઓમકારનાથ ઠાકુરે રચેલો નવો રાગ કયો છે ?

(એ) શિવરંજની (બી) પ્રણવરંજની (સી) કુંવરરંજની (ડી) મેઘરંજની

**2. નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

(1) પંડિત ઓમકારનાથનાં માતા-પિતાનું નામ જણાવો.

(2) પંડિત ઓમકારનાથની ગાયનશૈલીની વિશિષ્ટતાઓ જણાવો.

(3) પંડિત ઓમકારનાથ કયા ઘરાનાના ગાયક હતા ?

(4) પંડિત ઓમકારનાથને કયાં કયાં સન્માનો પ્રાપ્ત થયાં છે ?

(5) પંડિત ઓમકારનાથનાં મુખ્ય શિષ્યવૃંદોનાં નામ જણાવો.

(6) પંડિત ઓમકારનાથે કયા કયા ગ્રંથોની રચના કરી ?

**3. નીચે આપેલા પ્રશ્નોના વિકલ્પોમાં જે વિકલ્પ સાચો હોય તે વિકલ્પ પર ખરાની નિશાની કરો :**

(1) પંડિત વિષ્ણુનારાયણ ભાતખંડેનો જન્મ કયાં કુટુંબમાં થયો હતો ?

(એ) ગુજરાતી (બી) તામિલ (સી) મહારાષ્ટ્રીયન (ડી) બંગાળી

(2) કૉલેજકાળ દરમિયાન સિતારની તાલીમ પંડિત ભાતખંડેજીએ કોની પાસેથી લીધી ?

(એ) રાઓજીબા (બી) વલ્લભદાસ (સી) ઓમકારનાથ ઠાકુર (ડી) રવિશંકર

(3) ઑલ ઇન્ડિયા મ્યુઝિક કોન્ફરન્સનું સંચાલન કોણે કર્યું હતું ?

(એ) પ્રો. ડી. પી. મુખરજી(બી) પં. વિષ્ણુ દિગંબર પલુસ્કર(સી) પં. વિષ્ણુનારાયણ ભાતખંડે (ડી) ઉસ્તાદ ફૈયાઝખાં

(4) પંડિત વિષ્ણુનારાયણ ભાતખંડે દ્વારા રચાયેલ ગ્રંથ કયો છે ?

(એ) સંગીતાંજલિ (બી) સંગીતપ્રવેશ (સી) રાગપ્રવેશ (ડી) અભિનવ રાગમંજરી

(5) નીચેનામાંથી કયા કલાકાર ભાતખંડેના શિષ્ય હતા ?

(એ) પં. વાડીલાલ શિવરામ નાયક (બી) પરવીન સુલતાના (સી) સંજીવ અભ્યંકર (ડી) બેગમ અખ્તર

**4. નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

(1) પંડિત ભાતખંડેજીનો જન્મ કયાં અને ક્યારે થયો હતો ?

(2) પંડિત વિષ્ણુનારાયણ ભાતખંડે ગાયન સિવાય કયાં વાદ્યો સારી રીતે વગાડી શકતા ?

(3) પંડિત ભાતખંડેજીએ કયા કયા ગ્રંથોની રચના કરી ?

(4) પંડિત ભાતખંડેજીએ ઉત્તર હિન્દુસ્તાની સંગીતને કેટલા થાટમાં વિભાજિત કર્યું ?

(5) પંડિત ભાતખંડેજીએ લખનઉ અને ગ્વાલિયરમાં શરૂ કરેલાં વિદ્યાલયોનાં નામ જણાવો.

●

# 7 રાગોની વિસ્તૃત માહિતી

**પ્રસ્તાવના**

**સંગીત હૈ ઈશ્વર કી શક્તિ હર સ્વર મેં બસે હૈ રામ,**
**રાગી જો સુનાયે રાગ તો રોગી કો મિલે આરામ.**

ભારતીય સંગીતમાં રાગનું વિશેષ મહત્ત્વ રહેલું છે. રાગને સમયાનુસાર ગાવામાં આવે તો પ્રાણીઓ માત્ર પર નહિ, પરંતુ વનસ્પતિ પર પણ વિશેષ અસર થયાનાં અનેક દૃષ્ટાંતો વિદ્યમાન થયેલ છે. આમ, વિદ્યાર્થી રાગની શાસ્ત્રીય માહિતી જાણી તે કયા થાટમાંથી ઉત્પન્ન થાય છે, તેમાં કયા સ્વર ઉપયોગી બને છે ? તેના વાદી-સંવાદી સ્વર કયા છે ? તે કઈ જાતિનો રાગ છે ? તે કયા સમયે-સ્વરૂપે ગવાય તે જાણવું અત્યંત આવશ્યક છે. રાગને યોગ્ય રીતે ગવાય તો આજના જ્ઞાન-વિજ્ઞાનના યુગમાં તબીબી સેવાના રૂપમાં પણ ઉત્તમ રીતે ઉપયોગી નીવડેલ છે.

રાગની અનુભૂતિ માનવ-શરીરમાં એક આહ્લાદક આનંદ પ્રસરાવી દિવસ દરમિયાનના માનસિક તાણ કે થાકને દૂર કરવાનું હાલનું ઉત્તમ સાધન છે, પરંતુ વિદ્યાર્થીઓમાં પડેલી સુષુપ્ત શક્તિને વિકાસક્રમ આપવાનું કાર્ય પણ સંગીતકળા કરે છે.

આમ સંગીતના વિદ્વાનો ચોક્કસ કહે છે કે, સંગીત દ્વારા વિદ્યાર્થી-શિક્ષણમાં એકાગ્રતા કેળવી પોતાનું શૈક્ષણિક જીવન આધ્યાત્મિક રીતે દિવ્ય બનાવી શકે છે.

## વિવિધ રાગની માહિતી :



**(1) રાગ : સારંગ** (બિન્દ્રાવની)

યદા તીવ્રો નિષાદઃ સ્યાદારોહે ન ચ ધૈવતઃ ।
તદા સારંગ રાગોઽયં વૃન્દાવન્યભિધીયતે ॥

**માહિતી :**

રાગ : સારંગ (બિન્દ્રાવની)
થાટ : કાફી
વર્જિત સ્વર : ગ અને ધ આરોહ-અવરોહમાં.
રાગની જાતિ : ઔડવ - ઔડવ
વાદીસ્વર : રે (રિષભ)
સંવાદી સ્વર : પ (પંચમ)
સ્વર : બે નિષાદ
ગાયન-સમય : દિવસનો ત્રીજો પ્રહર / મધ્યાહ્ન
રાગની પ્રકૃતિ : ગંભીર અને વીરરસ
રાગનો પ્રભાવ : પાચનતંત્રમાં ફાયદો કરે છે.
આરોહ : સા રે મ પ નિ સાં
અવરોહ : સાં નિ પ મ રે સા
પકડ : નિ઼સા, રેમ રે, પમ રે, નિ઼સા

## વિસ્તૃત માહિતી

- આરોહમાં મધ્યમનો કણસ્વર લઈને રિષભ પર જવાથી આ રાગ અતિ મધુર અને સૌંદર્યપૂર્ણ લાગે છે.
- આપણાં લોકસંગીતમાં ભજન તથા હોરી જેવા પ્રબંધોમાં આ રાગ ઓતપ્રોત છે.
- આ રાગનો પ્રચાર ગુજરાત અને મારવાડમાં અધિક છે.
- રાગક્રિયામાં આ રાગ ગંભીર પ્રકૃતિનો ગણાય છે, પરંતુ લોકસંગીતમાં ચંચલ અને સ્ફુર્તિદાયક સ્વરૂપમાં દેખાય છે.
- 'બિન્દ્રાવની' આ નામથી વૃંદાવનમાં ભગવાન શ્રીકૃષ્ણની રાસલીલા સાથે તેનો ખાસ સંબંધ છે.
- 'હોળી ગીતો' આ રાગમાં ગવાય છે.

**(2) રાગ : ખમાજ**

**દોઉ નિષાદ ની કે લગે, આરોહી રે હાનિ ।**
**ગ-નિ વાદી-સંવાદી તે, ખમાજ હિ પહચાની ॥**



**માહિતી :**

| | | |
|---|---|---|
| રાગ | : | ખમાજ |
| થાટ | : | ખમાજ |
| વર્જિત સ્વર | : | "રે" ફક્ત આરોહમાં |
| રાગની જાતિ | : | ષાડવ-સંપૂર્ણ |
| વાદીસ્વર | : | ગ (ગંધાર) |
| સંવાદી સ્વર | : | ની (નિષાદ) |
| સ્વર | : | બે નિષાદ |
| ગાયન-સમય | : | રાત્રીનો બીજો પ્રહર / મધ્યરાત્રી |
| રાગની પ્રકૃતિ | : | શૃંગાર |
| રાગનો પ્રભાવ | : | માનસિક તણાવ દૂર કરે છે |
| આરોહ | : | સા ગ મ પ ધ નિ સાં |
| અવરોહ | : | સાંનિ̱ધ, મપધમગ, પમગરેસા |
| પકડ | : | નિ̱ધ, મપધ, મગ, પમગરેસા |

## વિસ્તૃત માહિતી :

- આ રાગમાં આરોહમાં શુદ્ધ અને અવરોહમાં કોમળ નિષાદ એમ બંનેય નિષાદનો પ્રયોગ કરવામાં આવે છે.
- આ રાગ સીધો અને સરળ હોવાથી અત્યંત કર્ણપ્રિય છે.
| (3) | | | | | | | | | ગગ | રેસા | નીની | ધપ | ગંગં | રેંસાં | નીધ | પમ॑ |
| | ગરે | ગમ॑ | પધ | નીરેં | સાંની | ધપ | મ॑ગ | રેસા | | | | | | | | |
| | × | | | | 2 | | | | 0 | | | | 3 | | | |

**અંતરાની તાન**

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (1) | સાંનિ | ધપ | મંગ | રેસા | નિરે | ગમં | પધ | નીસાં | | | | | | | | |
| (2) | સાંગં | રેંસાં | નીધ | પમં | ગરે | સા- | ધનિ | સાં- | | | | | | | | |
| (3) | નિરે | ગમં | ધની | રેંસાં | નીધ | પમં | ગરે | સા- | નિરે | ગમં | ધની | રેંસાં | નીધ | પમં | ગરે | સા- |
| | નિરે | ગમં | ધની | રેંસાં | નીધ | પમં | ગરે | સા- | | | | | | | | |
| | × | | | | 2 | | | | 0 | | | | 3 | | | |

**નોંધ :** બંદીશ - (1) એરી યેરી આલી પિયાબીન
તાલ ત્રિતાલની સાતમી માત્રાથી શરૂ થાય છે.

**બંદીશ-2**

**રાગ : યમન** **મધ્યલય ગીત** **તાલ : એકતાલ**

**સ્થાયી**

ગાઓ હરિનામ મધુર,
નંદકુંવર નટનાગર,
કરત પાર ભવસાગર,
ભજત સકલ સુર મુનિ નર... ગાઓ

**અંતરા**

કમલ નયન શેષ શયન
પૂજત નિત જોગી જન,
અતિ અગમ્ય નહિ દેખત,
બસ હોવત ગોપીજન...ગાઓ

**બંદીશ-2**

**મધ્યલય** **રાગ : યમન તાલ-એકતાલ**

**સ્થાયી**

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગ | રે | ગમં | પ | મં | પ | રે | ગ | રે | સા | નિ | સા |
| ગા | ડ | ઓડ | ડ | હ | રિ | ના | ડ | મ | મ | ધુ | ર |
| નિ | સા | ધ | નિ | રે | ગ | મં | મં | રે | - | સા | સા |
| ન | ડ | દ | કું | વ | ર | ન | ટ | ના | ડ | ગ | ર |
| ગ | મં | ગ | પ | - | પ | ધ | ની | મં | ધ | પ | પ |
| ક | ર | ત | પા | ડ | ર | ભ | વ | સા | ડ | ગ | ર |
| નિ | સાં | નિ | ધ | પ | મં | ગ | રે | ગમં | પમં | ગરે | સા |
| ભ | જ | ત | સ | ક | લ | સુ | ર | મુડ | નીડ | નડ | ર |
| × | | 0 | | 2 | | 0 | | 3 | | 4 | |

**અંતરા**

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગ | ગ | ગ | મ॑ | ધ | પ | સાં | - | સાં | સાં | સાં | સાં |
| ક | મ | લ | ન | ય | ન | શે | ડ | ષ | શ | ય | ન |
| નિ | ધ | નિ | રેં | ગં | રેં | ની | રેંસાં | ની | ધ | પમ॑ | પ |
| પૂ | ડ | જ | ત | નિ | ત | જો | ડડ | ગી | ડ | જડ | ન |
| ની | સાં | ની | ધ | ની | ધ | મ॑ | ધ | પ | મ॑ | ગ | રે |
| અ | તિ | અ | ગ | ડ | મ્ય | ન | હિ | દે | ડ | ખ | ત |
| ગ | રે | ગ | મ॑ | ધ | નીધ | પ | -મ॑ | રે | - | સાની̣ | સા |
| બ | સ | હો | ડ | વ | તડ | ગો | ડડ | પી | ડ | જડ | ન |
| × | | 0 | | 2 | | 0 | | 3 | | 4 | |

**રાગ : યમન** **લક્ષણગીત**

**સ્થાયી**

યમન સુનાઓ પ-રે સ્વર સંગતી
તિવર સબ સ્વર સંપૂરન નિત...

**અંતરા**

વાદી ગંધાર નિષાદ સંવાદી
પ્રથમ પ્રહર નિશ સબકો રિઝાવત...

**લક્ષણગીત** **રાગ : યમન** **તાલ-ત્રિતાલ**

**સ્થાયી**

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | ની̣ | રે | ગ | રે | ગ | મ॑ | પ | - |
| | | | | | | | | ય | મ | ન | સુ | ના | ડ | ઓ | ડ |
| પ | રે | ગ | રે | ની̣ | રે | સા | સા | ની̣ | રે | ગ | રે | ગમ॑ | પ | પ | પ |
| પ | રે | સ્વ | ર | સં | ડ | ગ | તી | તી | ડ | વ | ર | સડ | બ | સ્વ | ર |
| ની | ધ | પ | મ॑ | ગ | રે | સા | સા | | | | | | | | |
| સં | ડ | પૂ | ડ | ર | ન | નિ | ત | | | | | | | | |
| × | | | | 2 | | | | 0 | | | | 3 | | | |

**અંતરા**

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | ગ | - | ગ | ગ | મ॑ | - | ધ | ની |
| | | | | | | | | વા | - | દી | ગં | ધા | ડ | ર | નિ |
| સાં | - | સાં | સાં | ની | રેં | સાં | - | ની | રેં | ગં | રેં | સાં | સાં | ની | ની |
| ષા | ડ | દ | સં | વા | ડ | દી | ડ | પ્ર | થ | મ | પ્ર | હ | ર | નિ | શ |
| પ | પ | રે | રે | નિ̣ | રે | સા | સા | | | | | | | | |
| સ | બ | કો | રિ | ઝા | ડ | વ | ત | | | | | | | | |
| × | | | | 2 | | | | 0 | | | | 3 | | | |

**રાગ : યમન ગત**

સબહી તીવર સૂર જહાં, વાદી ગંધાર સુહાય
અરૂ સંવાદિ નિષાદ તે, યમન રાગ કહાય.

થાટ - કલ્યાણ - સ્વર- મ॑ તીવ્ર બીજા બધા શુદ્ધ - વર્જીતસ્વર - કોઈ નહીં.

જાતિ - સંપૂર્ણ સંપૂર્ણ, વાદી સ્વર - ગાંધાર, સંવાદીસ્વર - નિષાદ

ગાયન સમય - રાત્રીનો પ્રથમ પ્રહર

આરોહ : નિ રે ગ, મ॑ પ, ધ નિ સાં

અવરોહ : સાં નિ ધ પ, મ॑ ગ રે સા

પકડ : નિ રે ગ રે સા, પ મ॑ ગરે સા ।

**આલાપ**

(1) સા, નિરેસા, નિરેગ, ગરે, નિરેગરે, ધનિરેગરે, ધનિધ,
સા, ડ નિ, ગરે, નિ રે, ડસા ।

(2) નિરેગ, રેગ, રેગરે, સાનિ, ધ નિ ધસા, નિરેગ, રેગ મ॑ડગ,
નિ ડ રે મ॑ડગ, મ॑ગરેસા, રેગમ॑પ, ડમ॑ગ, રેગરે, પરે, નિરેસા ।

(3) નિરેગમ॑ગ, પડડ મ॑પ, ધપ, ધપમ॑ગ, ગમ॑પ, મ॑પનિધપ, નિધપ,
મ॑પમ॑ગ, (પ) રે, ગરે, નિરેસા ।

(4) પગ, મ॑ધનિસાં , નિરેં સાં , નિરેંગંરેંસાં , નિધનિ, રેંસાં, નિરેંગં,
રેંસાં , નિધપ, ધપમ॑પ, ડમ॑ગ, રેગમ॑પરેગરે, નિરેસા, નિધ, નિરેગ, રે, સા ।

**રાગ : યમન**

**મધ્યલય ગત (તાલ-ત્રિતાલ)**

**સ્થાયી**

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નિ | રે | ગ | રે | નિ | રે | સા | - | પ | મ॑ | ગ | રે | નિ | રે | સા | - |
| 0 | | | | 3 | | | | × | | | | 2 | | | |
| ગ | મ॑ | પ | ધ | નિ | - | ધ | પ | પ | - | રે | - | નિ | રે | સા | - |
| 0 | | | | 3 | | | | × | | | | 2 | | | |

**અંતરા**

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગ | મ॑ | ધ | નિ | સાં | - | સાં | - | નિ | રેં | ગં | રેં | નિ | રેં | સાં | - |
| 0 | | | | 3 | | | | × | | | | 2 | | | |
| નિ | રેં | ગં | રેં | સાં | નિ | ધ | પ | પ | - | રે | - | નિ | રે | સા | - |
| 0 | | | | 3 | | | | × | | | | 2 | | | |

**તાનોં - સમથી**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| (1) | નિ઼રે | ગરે | સા- | નિ઼રે | ગમ॑ | પમ॑ | ગરે | સા |
| | × | | | | 2 | | | |
| (2) | નિ઼રે | ગમ॑ | પધ | નિસાં | નિધ | પમ॑ | ગરે | સા- |
| | × | | | | 2 | | | |
| (3) | નિ઼રે | ગમ॑ | ધનિ | રેંસાં | નિધ | પમ॑ | ગરે | સા- |
| | × | | | | 2 | | | |
| (4) | ગમ॑ | પધ | નિરેં | ગંરેં | સાંનિ | ધપ | મ॑ગ | રેસા |
| | × | | | | 2 | | | |
| (5) | નિરેં | ગંરેં | સાંનિ | ધપ | નિધ | પમ॑ | ગરે | સા- |
| | × | | | | 2 | | | |

**(5) રાગ : યમન**

આરોહ : નિ઼ રે ગ, મ॑ પ, ધનિ સાં -

અવરોહ : સાં નિધ પ મ॑ ગ, રેસા

પકડ : નિ઼ રે ગ રે સા, પમ॑ગ, રે, સા

**આલાપ**

સા નિ઼ રે ઽ સા, નિ઼ રે ગ, ગ રે, નિ઼ - રેગ, ગમ॑પરેગ - રે
નિ઼રેસા
ગમ॑પ...પ મ॑ગ - મ॑ધપ, મ॑ધ નિ - ધ નિ ધ પ,
મ॑ધપ, મ॑પમ॑ગ નિ઼રેગ નિ઼ રેસા
ગ મ॑ ધ નિ સાં, સાં - - સાં નિ રેં સાં, નિ રે સાં નિધ નિધ પ
ધપમ॑ગ, પમ॑ગ, નિ઼ રેગ મ॑પ, મ॑ગ, નિ઼ રેસા

**રજાખાઁની ગત તાલ : ત્રિતાલ**

**સ્થાયી**

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નિ઼ | રેરે | ગ | રે | ગ | - | ગ | રે | ગ | મ॑મ॑ | પપ | મ॑મ॑ | ગ- | ગરે | -રે | સા |
| દાં | દીર | દા | રા | દા | ઽ | દા | રા | દા | દીર | દીર | દીર | દાઽ | રદા | ઽર | દા |
| 3 | | | | × | | | | 2 | | | | 0 | | | |
| ગ | રેરે | સા | નિ઼ | ધ઼ | નિ઼નિ઼ | રે | ગ | સાં | નિનિ | ધધ | પપ | મ॑ | ગગ | રે | સા |
| દા | દીર | દા | રા | દા | દીર | દા | રા | દા | દીર | દીર | દીર | દા | દીર | દા | રા |
| 3 | | | | × | | | | 2 | | | | 0 | | | |

**અંતરા**

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગ | મ॑મ॑ | ધ | નિ | સાં | - | સાં | સાં | નિ | રેંરેં | ગં | રેં | ગં | રેંરેં | સાં | - |
| દા | દીર | દા | રા | દા | ઽ | દા | રા | દા | દીર | દા | રા | દા | દીર | દાઽ | |
| 3 | | | | × | | | | 2 | | | | 0 | | | |
| સાં | નિનિ | ધ | પ | મ॑ | ધધ | પ | મ॑ | ગ | મ॑મ॑ | પ | મ॑ | ગ- | ગરે- | રે | સા |
| દા | દીર | દા | રા | દા | દીર | દા | રા | દા | દીર | દા | રા | દાઽ | રદા | ઽર | દા |
| 3 | | | | × | | | | 2 | | | | 0 | | | |

રાગ : યમન તોડા

(1) નિ઼ રેરે ગગ મ॑મ॑ | રે ગગ મ॑મ॑ પપ | ગ મ॑મ॑ ધધ નિનિ |

3 | × | 2

મ॑ ધધ નિનિ સાંસાં | ધ નિનિ સાંસાં રેંરેં |

0 | 3

સાંસાં નિનિ ધધ પપ | મ॑મ॑ ગગ રેરે સા |

× | 2

મ॑મ॑ ગગ રેરે સા |

0

(2) પ મ॑મ॑ ગગ રેરે | મ॑ ગગ રેરે સાસા |

3 | ×

ગ રેરે સાસા ની઼ની઼ | ધ઼ નિ઼નિ઼ રેરે સાસા |

2 | 0

નિ઼ રેરે ગ મ॑ | ધ નિનિ સાં રેં | સાંસાં નિનિ ધધ પપ |

3 × | 2

મ॑મ॑ ગગ રેરે સા

0

(3) ગગ રેરે સાસા પપ | મ॑મ॑ ગગ રેરે ધધ

× | 2

પપ મ॑મ॑ ગગ નિનિ | ધધ પપ મ॑મ॑ ગગ | ગ

0 | 3 | ×

(4) ગમ॑ ગપ મ॑પ મ॑ધ | પધ પની ધનિ ધસાં

3 | ×

સાંનિ ધપ નિધ પમ॑ | ગમ॑ પમ॑ ગરે સા |

2 | 0

(5) નિ઼ રેરે નિ઼ ગ | રે ગગ રે મ॑ | ગ મ॑મ॑ ગ પ | મ॑ પપ મ॑ ધ |

3 | × | 2 | 0

પ ધધ પ નિ | ધ નિનિ ધ સાં | નિ સાંસાં નિ રેં |

3 | × | 2

સાં રેંરેં સાં ગં | ગં રેંરેં સાં નિ | રેં સાંસાં નિ ધ |

સાં નિનિ ધ પ | નિ ધધ પ મ॑ | ધ પપ મ॑ ગ |

○ | 2 | ×

પ મ॑મ॑ ગ રે | મ॑ ગગ રે સા | ગ રેરે સા - |

× | 2 | 0

# રાગ 6 : ભૈરવી

આરોહ : સા રે, ગ મ, પ, ધ, નિ સાં

અવરોહ : સાં, નિ, ધ, પ, મગ, રે, સા

પકડ : ધ ની સા રે નિ સા મગ, રેસા ।

**સ્થાયી (ત્રિતાલ) સ્વરમાલિકા**

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | ધ | પ | ધ | મ | પ | ગ | મ | નિ | ધ | - | સા | - | રે | ગ | મ |
| 0 | | | | 3 | | | | × | | | | 2 | | | |
| ગ | રે | સા | - | ધ | નિ | સા | રે | નિ | સા | મ | મ | ગ | ગ | રે | સા |
| 0 | | | | 3 | | | | × | | | | 2 | | | |

**અંતરા**

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નિ | સા | ગ | મ | ધ | મ | ધ | નિ | સાં | - | સાં | - | ગં | ગં | રેં | સાં |
| 0 | | | | 3 | | | | × | | | | 2 | | | |
| નિ | સાં | ગં | મં | પં | ગં | - | મં | ગં | રેં | સાં | - | ગં | ગં | રેં | સાં |
| 0 | | | | 3 | | | | × | | | | 2 | | | |
| સાં | સાં | નિ | નિ | ધ | ધ | પ | પ | મ | મ | ગ | ગ | રે | રે | સા | - |
| 0 | | | | 3 | | | | × | | | | 2 | | | |

**સ્થાયી લક્ષણગીત**

ભૈરવી કહો મન માની
કોમલ સબ સૂર કર ગુની ગાવત
પ્રથમ પ્રહરકી રાની...

**અંતરા**

મધ્યમ વાદી સૂર સમવાદી
ભક્તિ રસકી ખાની
સબ કોઈ ગાવત સબકો રીઝાવત
ભૈરવી શાસ્ત્ર પ્રમાની હો...

**રાગ : ભૈરવી લક્ષણગીત તાલ-ત્રિતાલ**

**સ્થાયી**

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | મ | - | રે | ગ | - | રે | સા | - | ધ | નિ |
| | | | | | | ભૈ | ઽ | ર | વી | ઽ | ક | હો | ઽ | મ | ન |
| સા | રે | સા | - | - | - | - | - | નિ | - | નિ | નિ | નિ | નિ | ધ | નિ |
| મા | ઽ | ની | ઽ | ઽ | ઽ | ઽ | ઽ | કો | ઽ | મ | લ | સ | બ | સુ | ર |
| સા | સા | રે | ની | સા | - | સા | સા | સા | સા | ધ | ધ | પ | પ | પધ | નિ |
| ક | ર | ગુ | ની | ગા | ઽ | વ | ત | પ્ર | થ | મ | પ્ર | હ | ર | કીઽ | ઽ |
| ધ | - | પ | મ | ગ | -, | | | | | | | | | | |
| રા | ઽ | ની | ઽ | હો | ઽ, | | | | | | | | | | |
| × | | | | 2 | | | | 0 | | | | 3 | | | |

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | ધ | - | ધ | ધ | ધ | મ | ધ | નિ |
| | | | | | | | | મ | ઽ | ધ્ય | મ | વા | ઽ | દી | ઽ |
| સાં | સાં | સાં | સાં | ની | - | સાં | - | નિ | - | નિ | - | સાં | સાં | સાં | - |
| સુ | ર | સ | મ | વા | ઽ | દી | ઽ | ભ | ઽ | ક્તિ | ઽ | ર | સ | કી | ઽ |
| ગંગં | રેંસાં | રેં | - | સાં | - | ધ | પ | સા | સા | ધ | ધ | પ | - | પ | પ |
| ખાઽ | ઽઽ | ઽ | ઽ | ઽ | ઽ | ની | ઽ | સ | બ | કો | ઈ | ગા | ઽ | વ | ત |
| ધ | પ | ધ | નિ | ધ | પમ | રે | ગ | ગ | - | પ | ધ | પ | - | ધ | સાંની |
| સ | બ | કો | રિ | ઝા | ઽઽ | વ | ત | ભૈ | ઽ | ર | વી | શા | ઽ | સ્ત્ર | પ્રઽ |
| ધ | - | પ | - | ગ | રે, | | | | | | | | | | |
| મા | ઽ | ની | ઽ | હો | ઽ, | | | | | | | | | | |
| × | | | | ૨ | | | | ૦ | | | | ૩ | | | |

**નોંધ : લક્ષણગીત ભૈરવી** કહો મન માની

ત્રિતાલની સાતમી માત્રાથી શરૂ થાય છે.

**બંદીશ-1**

**રાગ : ભૈરવી** **મધ્યલય** **તાલ - દાદરા**

**સ્થાયી**

શ્યામ સુંદર મદન મોહન
જાગો મેરે લાલા
જાગો મેરે લાલા
જાગો મેરે લાલા
જાગો મેરે લાલા

**અંતરા**

પ્રાત ભાનુ પ્રકટ ભયો
ગ્વાલ બાલ મિલન આયે
તુમરે દરશકો દ્વારે ઠાડે
મોહન મુરલીવાલા
જાગો મેરે લાલા...

**બંદીશ-1**

**રાગ : ભૈરવી મધ્યલય તાલ - દાદરા**

**સ્થાયી**

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | - | સા | ધ | પ | પ | ગ | પ | ધ | ની | ધ | પમ |
| શ્યા | ઽ | મ | સું | દ | ર | મ | દ | ન | મો | હ | નઽ |
| ગ | - | સા | ગમ | પ | મ | રે | - | - | સા | - | - |
| જા | ઽ | ગો | મેઽ | ઽ | રે | લા | ઽ | ઽ | લા | ઽ | ઽ |
| પ | - | પ | પધ | સાંની | ધ | પ | - | પ | પ | નિધ | પ |
| જા | ઽ | ગો | મેઽ | ઽઽ | રે | લા | ઽ | લા | જા | ઽઽ | ગો |
| મ | પ | મ | ગરે | ગ | ગ | સા | ગ | સા | ગમ | પ | મ |
| મે | ઽ | રે | લાઽ | ઽ | લા | જા | ઽ | ગો | મેઽ | ઽ | રે |
| રે | - | - | સા | - | - | | | | | | |
| લા | ઽ | ઽ | લા | ઽ | ઽ | | | | | | |
| × | | | 0 | | | × | | | 0 | | |

**અંતરા**

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધ | - | મ | ધ | - | ની | સાં | સાં | સાં | રેં | સાં | - |
| પ્રા | ઽ | ત | ભા | ઽ | નુ | પ્ર | ક | ટ | ભ | યે | ઽ |
| નિ | - | નિ | સાં | - | સાં | રેં | સાં | ની | ધ | પ | પ |
| ગ્વા | ઽ | લ | બા | ઽ | લ | મિ | લ | ન | આ | ઽ | યે |
| પ | ગં | રેં | ગં | રેં | ગં | સાંરેં | મંગં | રેં | સાં | - | સાં |
| તુ | મ | રે | દ | ર | શ | દ્વાઽ | ઽઽ | રે | ઠા | ઽ | ઽે |
| ની | ની | ની | રેં | સાં | ની | ધ | પ | પ | પ | નીધ | પ |
| મો | હ | ન | મુ | ર | લી | વા | ઽ | લા | જા | ઽઽ | ગો |
| મ | પ | મ | ગરે | ગ | ગ | સા | ગ | સા | ગમ | પ | મ |
| મે | ઽ | રે | લાઽ | ઽ | લા | જા | ઽ | ગો | મેઽ | ઽ | રે |
| રે | - | - | સા | - | - | | | | | | |
| લા | ઽ | ઽ | લા | ઽ | ઽ | | | | | | |
| × | | | 0 | | | × | | | 0 | | |

**સ્થાયીના આલાપ**

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (1) | સા | - | - | ધ | ની | સા | રે | - | - | સા | - | - |
| (2) | ગ | - | - | મ | ગ | રે | સા | - | - | ધની, | સારે | સા |
| (3) | મ | - | - | પ | - | - | ધ | પ | મ | ગ | રે | સા |
| (4) | ધ | - | - | નિ | ધ | પ | સાં | નિ | ધ | પમ | ગરે | સા |
| | × | | | | 0 | | × | | | 0 | | |

**અંતરાના આલાપ**

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (1) | સાં | - | - | ધ | - | - | રેં | - | - | સાં | - | - |
| (2) | ગં | - | - | રેં | - | - | સાં | - | - | ધમ | ધનિ | સાં |
| (3) | સાં | - | - | નિ | ન | - | ગં | - | રેં | સાં | - | - |
| | × | | | | 0 | | × | | | 0 | | |

**સ્થાયીની તાન**

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (1) | સાંની | ધપ | મપ | નીની | ધપ | મપ | સાંરેં | સાંની | ધપ | મગ | રેસા | નીસા |
| (2) | ધપ | મગ | રેસા | સાંની | ધપ | મપ | રેંરેં | સાંની | સાંની | ધપ | મગ | રેસા |
| (3) | સારે | ગમ | પધ | નીસાં | રેંગં | મંગં | રેંસાં | નીધ | પમ | ગરે | સાનિ | સાસા |
| (4) | નીસા | ગમ | ધ- | ગમ | ધની | સાં- | નીધ | પમ | ગ- | મગ | રેસા | નીસા |
| | × | | | 0 | | | × | | | 0 | | |

**અંતરાની તાન**

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (1) | પધ | મપ | ધનિ | ધપ | સાંની | ધપ | મગ | રેસા | સારે | ગમ | પધ | નીસાં |
| (2) | નીસા | ગમ | પમ | ગમ | પધ | પમ | ગમ | પધ | નીધ | પમ | ગમ | ધનિ |
| (3) | ધપ | મગ | પમ | ગરે | મગ | રેસા | નીસા | ગમ | પમ | ગમ | ધનિ | સાં- |
| | × | | | 0 | | | × | | | 0 | | |

**બંદીશ-2**

**રાગ : ભૈરવી મધ્યલય તાલ - ત્રિતાલ**

**સ્થાયી**

કૈસીયે ભલાઈ રે કન્હાઈ

પનિયાં ભરત મોરી ગગરી

ગિરાઈ કરકે લરાઈ

**અંતરા**

સનદ કહે ઐસો ઢીટ

ભયો કન્હાઈ

કા કરું માઈ નહીં માનત

કન્હાઈ કરત લરાઈ

**બંદીશ-2**

**મધ્યલય　　　રાગ : ભૈરવી　　　તાલ-ત્રિતાલ**

**સ્થાયી**

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | | ની | સા | ગ | મ |
| | | | | | | | | | | | | કૈ | સી | યે | ભ |
| પ | ધ | પ | પ | - | ની | ધ | પ | મ | પ | મ | ધ | પ | મ | ગ | રે |
| લા | ઽ | ઈ | રે | ઽ | ક | ન્હા | ઈ | પ | નિ | યાં | ભ | ર | ત | મો | રી |
| ગ | પ | ધ | ની | ધ | પ | ગ | મ | ગ | રે | સા | સા | | | | |
| ગ | ગ | રિ | ગિ | રા | ઈ | ક | ર | ત | લ | રા | ઈ | | | | |
| × | | | | 2 | | | | 0 | | | | 3 | | | |

**અંતરા**

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | ધ | મ | ધ | નિ | સાં | - | ધ | ની |
| | | | | | | | | સ | ન | દ | ક | હે | ઽ | ઐ | સો |
| સાંરેં | ગં | રેં | ગં | સાં | રેં | સાં | સાં | ધ | - | ધ | ધ | પ | મ | ગ | રે |
| ઢીઽ | ઽ | ટ | ભ | યો | ક | ન્હા | ઈ | કા | ઽ | ક | રૂં | મા | ઈ | ન | હીં |
| ગ | પ | ધ | ની | ધ | પ | ગ | મ | ગ | રે | સા | સા | | | | |
| મા | ન | ત | ક | ન્હા | ઈ | ક | ર | ત | લ | રા | ઈ | | | | |
| × | | | | 2 | | | | 0 | | | | 3 | | | |

## વાદ્ય સંગીતના વિદ્યાર્થી માટે

**રાગ : ભૈરવી (ગત)**

સબ કોમલ સુર ભૈરવી, સંપૂરન સુર હોઈ ।
મસ વાદીસંવાદી હૈ, સબ જો ચાહૈ કોઈ ॥

ચંદ્રિકાસાર ।

થાટ - ભૈરવી, સ્વર-રે ગ ધ નિ કોમલ, વર્જીતસ્વર- કોઈ નથી

જાતિ - સંપૂર્ણસંપૂર્ણ, વાદીસ્વર - ધ, સંવાદીસ્વર - ગ ગાયન સમય-પ્રાતઃ કાલ,

પ્રકૃતિ - શાંત, ભક્તિરસ

**રાગ : ભૈરવીગત** **મધ્યલય - ત્રિતાલ**

**સ્થાયી**

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નિ | સા | ગ | મ | ધ | - | પ | - | ગ | - | પ | મ | ગ | રે | સા | રે |
| 3 | | | | × | | | | 2 | | | | 0 | | | |
| નિ | સા | ગ | મ | ધ | - | પ | - | ધ | ધ | પ | પ | ધ | નિ | ધ | પ |
| 3 | | | | × | | | | 2 | | | | 0 | | | |
| મ | પ | ગ | મ | ધ | - | પ | - | ગ | - | પ | મ | ગ | રે | સા | રે |
| 3 | | | | × | | | | 2 | | | | 0 | | | |

**અંતરા-**

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધ | મ | ધ | નિ | સાં | - | સાં | સાં | નિ | નિ | સાં | સાં | રેં | સાં | ધ | પ |
| 3 | | | | × | | | | 2 | | | | 0 | | | |
| ગં | - | રેં | સાં | - | ધ | પ | - | ગ | ગ | પ | મ | ગ | રે | સા | રે |
| 3 | | | | × | | | | 2 | | | | 0 | | | |

**તાનો - પાંચમી માત્રાથી**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| (1) | નિસા | ગમ | ધધ | પપ | મપ | ગમ | ગરે | સારે |
| | 2 | | | | 0 | | | |
| (2) | નિસા | ગમ | ધનિ | ધપ | સાંનિ | ધપ | મગ | રેસા |
| | 2 | | | | 0 | | | |
| (3) | ગમ | ધનિ | સાંરેં | સાં- | સાંનિ | ધપ | મગ | રેસા |
| | 2 | | | | 0 | | | |
| (4) | ધનિ | સાંરેં | ગંરેં, | સાં- | નિધ | પમ | ગરે | સા- |
| | 2 | | | | 0 | | | |
| (5) | સાંરેં | ગંરેં | સાંનિ | ધપ | સાંનિ | ધપ | મગ | રેસા |
| | 2 | | | | 0 | | | |

**રાગ : ભૈરવી રજાખાની ગત** **તાલ : ત્રિતાલ**

**સ્થાયી**

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | ધ ધ | પ ધ | મ | પપ | ગ મ | ધ - | પ મ | ગ- | ગરે | -રે | સા | | |
| દા | દીર | દા રા | દા | દીર | દા રા | દા ડ | દા રા | દાડ | રદા | ડર | દા | | |
| 0 | | | 3 | | | × | | 2 | | | | | |
| ધ | નિનિ | સા રે | ગ | મમ | પ ધ | સાં | નિનિ | ધ પ | મ | ગગ | રે સા | | |
| દા | દીર | દા રા | દા | દીર | દા રા | દા | દીર | દા રા | દા | દીર | દા રા | | |
| 0 | | | 3 | | | × | | | 2 | | | | |

**અંતરા**

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધ | મમ | ધ | નિ | સાં | રેં રેં | સાં | સાં | ગં - | રેં | ગં | સા | રેં રેં | સાં સાં | |
| દા | દીર | દા | રા | દા | દી ર | દા | રા | દા ડ | દા | રા | દા | દી ર | દા દા | |
| 0 | | | | 3 | | | | × | | | 2 | | | |
| ગં | રેંરેં | સાં નિ | ધ | પપ | મ પ | ગ - | પ મ | ગ- | ગરે | -રે | સા | | | |
| દા | દીર | દી રા | દા | દીર | દા રા | દા ડ | દા રા | દાડ | રદા | ડર | દા | | | |
| 0 | | | 3 | | | × | | 2 | | | | | | |

**રાગ : ભૈરવી તોડા**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| (1) | નિસા | ગમ | પધ | પમ | ગમ | પમ | ગરે | સા- |
| | × | | | | 2 | | | |
| (2) | ધનિ | સારેં | સાંનિ | ધપ | ગમ | પમ | ગરે | સા- |
| | × | | | | 2 | | | |
| (3) | નિનિ | સાસા | ગગ | મમ | પપ | ધધ | નિનિ | સાંસાં |
| | 0 | | | | 3 | | | |
| | સાંસાં | નિનિ | ધધ | પપ | નિનિ | ધપ | મગ | રેસા |
| | × | | | | 2 | | | |
| (4) | સારે | ગમ | ગરે | સારે | ગમ | પમ | ગરે | સા- |
| | 0 | | | | 3 | | | |
| | પધ | પમ | ગમ | પધ | નિધ | પમ | ગરે | સા- |
| | × | | | | 2 | | | |
| (5) | નિસા | ગમ | પધ | પમ | ગમ | ધનિ | સાંરેં | સાં- |
| | 0 | | | | 3 | | | |
| | સાંરેં | સાંનિ | ધનિ | ધપ | ગમ | પમ | ગરે | સા- |
| | × | | | | 2 | | | |

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :**

(1) રાગ સારંગ કઈ જાતિનો રાગ છે ?

(2) રાગ ખમાજના વાદી-સંવાદી સ્વર જણાવો.

(3) રાગ સારંગની રજાખાની ગત કયા તાલમાં છે ?

(4) રાગ-ખમાજની જાતિ ષાડવ-સંપૂર્ણ શા માટે કહી શકાય ?

(5) યમન રાગનો વાદી સ્વર અને સંવાદી સ્વર જણાવો.

(6) રાગ કાફીની જાતિ કંઈ છે ?

(7) રાગ-ભૈરવીમાં કેટલા અને કયા કોમળ સ્વરોનો ઉપયોગ થાય છે ?

(8) રાગ ભૈરવીની રજાખાની ગત કયા તાલમાં ગાવામાં આવે છે ?

**2. યોગ્ય જોડકાં જોડો :**

| | અ | બ |
|---|---|---|
| **(1)** | 1. યમન - | 1. રે ગ ધ નિ |
| | 2. સારંગ - | 2. ગનિ |
| | 3. કાફી - | 3. મ તીવ્ર |
| | 4. ભૈરવી - | 4. અવરોહમાં 'નિ' નો ઉપયોગ |
| **(2)** | રાગ | **જાતિ** |
| | 1. ખમાજ - | 1. સંપૂર્ણ - સંપૂર્ણ |
| | 2. સારંગ - | 2. ઓડવ- સંપૂર્ણ |
| | 3. કાફી - | 3. ઓડવ-ઓડવ |
| | 4. ભિમપલાસી - | 4. ષાડવ - સંપૂર્ણ |

*

# 3 તાલજ્ઞાન (ક્રિયાત્મક)

**પ્રસ્તાવના**

સંગીતમાં લાગતા સમયને માપવાના સાધનને તાલ કહે છે. તાલ એ સંગીતનો પ્રાણ પણ છે. ગીત, નૃત્ય અને વાદ્ય આ ત્રણેય સ્વતંત્ર હોવા છતાં તેમાં 'તાલ'ની ખૂબ જરૂર છે. વિવિધ સંગીતના ગીતપ્રકારોમાં 'તાલજ્ઞાન'ની ખૂબ જરૂર રહે છે. વિદ્યાર્થીઓ સ્વરજ્ઞાન સાથે તાલજ્ઞાનનો વિકાસ કરી શકે તેવા હેતુસર આ એકમમાં આપણે તાલ માહિતી સાથે લિપિબદ્ધ વિવિધ તાલોનું તાલજ્ઞાન મેળવીશું. દરેક તાલોની તાલ, માત્રા, તાલી, ખાલી, ખંડ તથા તાલલિપિબદ્ધની મૂળલય અને દુગુન વિશે આ એકમ દ્વારા જાણકારી મેળવીશું.

**(1) તાલ : દાદરા**

(1) તાલ : દાદરા

(2) માત્રા : 6 (છ)

(3) તાલી : 1 માત્રા ઉપર

(4) ખાલી : 4 માત્રા ઉપર

(5) ખંડ : 2 (દરેક 3 + 3 માત્રાના)

- **તાલલિપિબદ્ધ :** (મૂળલય / ઠાય લય)

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| માત્રા : | 1 | 2 | 3 \| | 4 | 5 | 6 \|\| |
| બોલ : | ધા | ધીં | ના \| | ધા | તીં | ના \|\| |
| ચિહ્ન : | × | | \| | 0 | | \|\| |

**દુગુન :**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| માત્રા : | 1 | 2 | 3 \| | 4 | 5 | 6 \|\| | 1 |
| બોલ : | ધાધીં | નાધા | તીંના \| | ધાધીં | નાધા | તીંના \|\| | ધા |
| ચિહ્ન : | × | | \| | 0 | | \|\| | × |

**(2) તાલ : કહરવા**

(1) તાલ : કહરવા

(2) માત્રા : 8 (આઠ)

(3) તાલી : 1 માત્રા ઉપર

(4) ખાલી : 5 માત્રા ઉપર

(5) ખંડ : 2 (દરેક 4 + 4 માત્રાના)

- **તાલલિપિબદ્ધ :** (મૂળલય / ઠાયલય)

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| માત્રા : | 1 | 2 | 3 | 4 \| | 5 | 6 | 7 | 8 \|\| |
| બોલ : | ધા | ગે | ન | તી \| | ન | ક | ધી | ન \|\| |
| ચિહ્ન : | × | | | \| | 0 | | | \|\| |

દુગુન :

| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 1 |
|---|---|---|---|---|---|---|---|---|---|
| બોલ : | ધાગે | નતી | નક | ધીન | ધાગે | નતી | નક | ધીન | ધા |
| ચિહ્ન : | × | | | | | | × | | |

**(3) તાલ : ત્રિતાલ**

(1) તાલ : ત્રિતાલ

(2) માત્રા : 16 (સોળ)

(3) તાલી : 1, 5, અને 13 માત્રા ઉપર.

(4) ખાલી : 9 માત્રા ઉપર

(5) ખંડ : 4 (દરેક 4 + 4 + 4 + 4 માત્રાના)

- **તાલલિપિબદ્ધ :** (મૂળલય / ઠાયલય)

| માત્રા : | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બોલ : | ધા | ધીં | ધીં | ધા | ધા | ધીં | ધીં | ધા | ધા | તીં | તીં | તા | તા | ધીં | ધીં | ધા |
| ચિહ્ન : | × | | | | ૨ | | | | ૦ | | | | ૩ | | | |

**દુગુન :**

| માત્રા : | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| બોલ : | ધાધીં | ધીંધા | ધાધીં | ધીંધા | ધાતીં | તીંતા | તાધીં | ધીંધા | |
| ચિહ્ન : | × | | | | ૨ | | | | |
| માત્રા : | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 1 |
| બોલ : | ધાધીં | ધીંધા | ધાધીં | ધીંધા | ધાતીં | તીંતા | તાધીં | ધીંધા | ધા |
| ચિહ્ન : | 0 | | | | 3 | | | | × |

**સ્વાધ્યાય**

**1. નીચે આપેલા તાલના બોલો ઉપરથી તાલનાં નામ જણાવો :**

(1) ધાતીંના ........ (2) ધાગે નતી ........

(3) ધાતીંતીંતા ....... (4) નક ધીન .......

(5) ધાધીંના ........ (6) ધાધીંધીંધા ........

**2. કૌંસમાં આપેલ જવાબોમાંથી સાચા જવાબ નીચે લીટી દોરો :**

(1) છ માત્રાવાળો તાલ (કહરવા, દાદરા)

(2) નવમી માત્રા ઉપર ખાલી હોય તે તાલ (કહરવા, ત્રિતાલ)

(3) પાંચમી માત્રા ઉપર ખાલીવાળો તાલ કયો છે ? (કહરવા, દાદરા)

(4) ત્રણ માત્રાના કુલ બે ખંડવાળો તાલ (દાદરા, ત્રિતાલ)

(5) કયા તાલમાં ચાર ખંડ છે. (ત્રિતાલ, કહરવા)

•

# 4 વિવિધ ગીતો (ક્રિયાત્મક)

**પ્રસ્તાવના**

બાળક જનનીના હાથે પારણામાં ઝૂલતાં ઝૂલતાં, ફળિયામાં, રમતા રમતાં, પા...પા...પગલી પાડતા કે, પાટી લઈ શિક્ષણની દુનિયામાં જ્યારે પગરવ માંડે છે ત્યારે શાળામાં ગવાતાં પ્રાર્થનાગીતો, ધૂન, ભક્તિગીતો, ઉત્સવગીતો, શૌર્યગીતો, દેશભક્તિગીતો અને કુદરતની સાથે તાદાત્મ્ય મેળવી સંસ્કૃતિના વારસાને જાળવી રાખતાં ગીતોનું તાલીમબદ્ધ શિક્ષણ મેળવે છે. શ્રવણ કરે છે ત્યારે પોતાનામાં પડી રહેલી સુષુપ્ત શક્તિને જાગ્રત કરવાનું અને ખીલવવાનું કાર્ય થાય છે.

સંગીત વિના આ સૃષ્ટિનું અસ્તિત્વ શક્ય નથી. વિદ્યાર્થી શાળાકક્ષાએ પોતાની આંતરશક્તિને રજૂ કરે એ આ એકમનો હેતુ છે.

## મંગલમ્

નાહં વસામિ વૈકુંઠે યોગિનાં હૃદયે ન ચ ।
મદ્ભક્તા યત્ર ગાયન્તિ તત્ર તિષ્ઠામિ નારદ ॥ 1 ॥
ૐ સહના વવતુ । સહ નૌ ભુનકતુ । સહવીર્યં
કરવાવહૈ । તેજ સ્વિના વધીતમસ્તુ । મા વિદ્વિષાવહૈ
ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ ॥ 2 ॥
ૐકારં બિન્દુ સંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ॥ 3 ॥

**(ભાવાનુવાદ)**

1. ઈશ્વર કહે છે - હે નારદ ! હું વૈકુંઠમાં રહેતો નથી. યોગીઓના હૃદયમાં પણ નહિ, પરંતુ મારા ભક્તો જ્યાં ગુણગાન કરે છે ત્યાં હું રહું છું.
2. અમારા બેનું સાથે રક્ષણ કરો. અમને બેને સાથે જમાડો. અમે બંને સાથે પરાક્રમ કરીએ. અમારા બેનો અભ્યાસ તેજસ્વી બનો. અમે બે (ક્યારેય પરસ્પર) દ્વેષ ન કરીએ.
   ૐ શાન્તિ હો ! શાન્તિ હો ! શાન્તિ હો !
3. જેને : 'ૐ કાર બિન્દુ સંયુક્ત છે. યોગીજનો જેનું નિત્ય ધ્યાન ધરે છે. જે ઈચ્છાપૂર્ણ કરનારું છે. જે મોક્ષ આપનારું છે. તે ૐ કારયુક્ત સંજ્ઞાઓને નમન કરું છું.

## સરસ્વતી સ્તુતિ

યા કુન્દેન્દુ - તુષાર - હાર - ધવલા
યા શુભ્ર - વસ્ત્રાવૃતા
યા વીણા - વરદણ્ડ મણ્ડિતકરા
યા શ્વેત પદ્માસના ।
યા બ્રહ્માચ્યુત-શંકર પ્રભુતિભિ
દેવૈ સદા વન્દિતા
સા માં પાતુ સરસ્વતી ભગવતી
નિઃ શેષ જાડ્યાપહા ।
પૂર્ણ ચંદ્ર સમી કાંતિ, દૂધ શાં વસ્ત્ર ઉજળાં,
હાથમાં શોભતી વીણા, આસન શ્વેત પદ્મનાં,
બ્રહ્મા - વિષ્ણુ - મહેશાદિ, દેવો યે કરતા સ્તુતિ,
દેવી સરસ્વતી વંદુ, વિદ્યા વાણી પ્રદાયિની

## ગુરુ સ્તુતિ

ગુરુબ્રહ્મા ગુરુર્વિષ્ણુ ગુરુદેવો મહેશ્વર ।
ગુરુઃસાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રીગુરુવે નમઃ ॥ 1 ॥
અજ્ઞાન તિમિરાન્ધસ્ય જ્ઞાનાંજનશલાકયા ।
ચક્ષુરુન્મીલિતિં યેન તસ્મૈ શ્રીગુરુવે નમઃ ॥ 2 ॥

1. ગુરુ એ જ બ્રહ્મા છે ગુરુ એ જ વિષ્ણુ છે. ગુરુ એ જ મહાદેવ છે. ગુરુ સાક્ષાત પરબ્રહ્મ સ્વરૂપ છે. તે શ્રીગુરુને હું નમસ્કાર કરું છું.
2. અજ્ઞાનરૂપી અંધકારથી અંધ બનેલા મનુષ્યનું ચક્ષુ જ્ઞાનરૂપી અંજનની સળી વડે જેમણે ચક્ષુ ખોલી આપ્યું તે સદ્ગુરુને નમસ્કાર હો.

*

## હે જગત્રાતા

**રાગ : ભૈરવી** **તાલ-કહરવા**

हे जगत्राता विश्व-विधाता, हे सुखशांति-निकेतन हे !
प्रेम के सिंधु, दीन के बंधु, दु:ख-दारिद्र-विनाशन हे !
नित्य-अखंड-अनंत-अनादि, पूरण ब्रह्म सनातन हे ! हे जगत्राता...!
जग-आश्रय जग-पति जग-वंदन, अनुपम-अलख-निरंजन हे !
प्राण-सखा त्रिभुवन-प्रतिपालक, जीवन के अवलंबन हे ! हे जगत्राता...!

*

## હે મન ! હે મન !

હે મન હે મન નિતનિત ગાતા રહીએ... (2)
નિત નિત નૃત્યત રહીએ... હે મન હે મન
આંખ મીંચીને એકરૂપ થઈ હરિનામ લઈએ... (2)
હૃદય આનંદે ગીત પરમનાં...(2) નિત નિત ગાતા રહીએ
હે મન ! નિત આનંદે રહીએ... હે મન હે મન...
આનંદ રૂપ છે કૃષ્ણનામ એ, શ્યામનામ લઈ લઈએ... (2)
મન રોમાંચિત ગીત અમૂલાં... (2) નિત નિત ગાતા રહીએ
હે મન નિત હસતા રહીએ હે મન હે મન...
સ્મિતનો સાગર, હરિકૃપા છે... (2) નિત નિત દેતા રહીએ
પરમસુખ આ પ્રેમની ગંગા... (2), નિત નિત ખોબો ધરિએ
અંતર તમ આનંદ વિભોરે... (2) નિત નિત ગાતા રહીએ
હે મન નિત સતસંગે રહીએ
નિત નિત નૃત્યત રહીએ... હે મન હે મન...(2)

**કવિ : શ્રી રમેશ પટેલ "પ્રેમોર્મિ"**

*

## અંતરની વીણાના તારો

અંતરની વીણાના તારો, તુંહી તુંહી ગાય
એક વગાડું તોય જાણે, શત્ શત્ વાગી જાય
આરોહે અવરોહે એ તો, એક વિલંબી ગાય
તુંહી તુંહી નાદ જગાવો, દશ દશ ગુંજી જાય
આ હૃદયમાં હો ઉજીયારા, સરગમ એજ સુણાય
તાલ તાલમાં 'તુંહી બજતાં, મનડું ડોલી જાય
તાર તારમાં તુંહી તુંહી, 'સોહમ ગુંજી જાય
રોમ રોમમાં દિવા પ્રગટે, રોમ જ્યોતીત થાય

**કવિ : શ્રી રમેશ પટેલ "પ્રેમોર્મિ"**

*

## પ્રેમળ જ્યોતિ

**રાગ : માંડ** **તાલ - દાદરા**

પ્રેમળ જ્યોતિ તારો દાખવી
મુજ જીવન - પંથ ઉજાળ
દૂર પડ્યો નિજ ધામથી હું, ને ઘેરે ઘન અંધાર,
માર્ગ સુઝે નવ ઘોર રજનીમાં, નિજ શિશુને સંભાળ,
મારો જીવન-પંથ ઉજાળ
ડગમગતો પગ રાખ તું સ્થિર મુજ દૂર નજર છો ન જાય,
દૂર માર્ગ જોવા લોભ લગીર ન, એક ડગલું બસ થાય,
મારે એક ડગલું બસ થાય.
આજ લગી રહ્યો ગર્વમાં હું, ને માગી મદદ ન લગાર,
આપ-બળે માર્ગ-જોઈને ચાલવા, હામ ધરી મૂઢ બાળ,
હવે માંગુ તુજ આધાર

**કવિ : શ્રી નરસિંહરાવ દિવેટિયા**

*

## હે શારદે મા

**તાલ - દાદરા**

હે શારદે મા... હે શારદે મા...
અજ્ઞાનતાસે હમેં તાર દે મા, હમમેં તાર દેમા... હે શારદે મા...
તૂં સ્વર કી દેવી યે સંગીત તુજસે, હર શબ્દ તેરા મા, હર ગીત તુજસે,
હમ હૈ અકેલે માં, હમ હૈ અધૂરે, તેરી શરન મેં **હમે પ્યાર દે મા,**
હે શારદે મા...

મુનિયોંને સમજી, ગુનિયોને જાની, વેંદોંકી ભાષા પુરાનોકી બાની,
હમ હી તો સમજે મા, હમ હી તો જાને, વિદ્યાકા હમકો **અધિકાર દે મા,**
હે શારદેમા...

તૂ શ્વેતવર્ણી કમલ, પે બિરાજે, હાથોં મેં વીણા મુકુટ સર પે સાજે,
હમકો અંધેરોં સે નિકાલ દે મા, હમકો ઉજાલોં કા **સંસાર દે મા,**
હે શારદે મા...

## રામ કહો રહેમાન કહો

**તાલ : કહરવા**

રામ કહો રહેમાન કહો કોઉ, કહાન કહો મહાદેવ રી;
પારસનાથ કહો કોઉ બ્રહ્મા, સકલ બ્રહ્મ સ્વયમેવ રી. રામ. ૧

ભાજનભેદ કહાવત નાના, એક મૃત્તિકા રૂપ રી;
તૈસેં ખંડ કલ્પનારોપિત, આપ અખંડ સ્વરૂપ રી. રામ. ૨

નિજ પદ રમે રામ સો કહિયેં, રહિમ કરે રહિમાન રી;
કરષે કરમ કાન સો કહિયે, મહાદેવ નિરવાણ રી. રામ. ૩

પરસેં રૂષ પારસ સો કહિયે, બ્રહ્મ ચીન્હે સો બ્રહ્મ રી;
ઇહ વિધ સાધો આપ 'આનંદઘન, ચેતનમય નિઃકર્મ રી. રામ. ૪

**કવિ : શ્રી આનંદઘનજી**

*

## પગ મને ધોવા દો રઘુરાય

**તાલ : દીપચંદી**

પગ મને ધોવા દો રઘુરાય, પ્રભુ મને શક પડ્યો મનમાંય
પગ મને ધોવા દો રઘુરાયજી...

1. રામ, લક્ષ્મણ, જાનકી એ તીર ગંગાને જાયજી
નાવ માગી નીર તરવા, ગુહ બોલ્યો ગમ ખાઈ પગ મને...

2. રજ તમારી કામણગારી, નાવ નારી થઈ જાયજી,
તો અમારી રંક જનની આજીવિકા ટળી જાય પગ મને...

3. જોઈ ચતુરતા ભીલ જનની જાનકી મુસકાયજી
અભણ કેવું યાદ રાખે, ભણેલ ભૂલી જાય... પગ મને...

4. આ જગતમાં દીનદયાળુ ગરજ કેવી ગણાય જી
ઊભા રાખી આપને પછી પગ પખાળી જાય પગ મને..

5. નાવડીમાં બાવડી ઝાલી, રામની ભીલરાયજી
પાર ઉતારી પૂછીયું તમે શું લેશો ઉતરાઈ પગ મને...

6. નાયીની કદી નાયી લે નઈ, આપણે ધંધા ભાઈજી
કાગ લ્યે નહિ ખારવાની ખારવો ઉતરાઈ પગ મને...

**કવિ : શ્રી દુલા ભાયા કાગ**

*

# વૈષ્ણવ જન તો તેને રે કહીયે

**રાગ : ખમાજ** **તાલ : કહરવા**

વૈષ્ણવ જન તો તેને રે કહીયે જે
પીડ પરાઈ જાણે રે
પર દુઃખે ઉપકાર કરે તો યે
મન અભિમાન ન આણે રે...

1. સકળ લોકમાં સહુને વંદે
નિંદા ન કરે કેની રે
વાચ કાછ મન નિશ્ચલ રાખે
ધન ધન જનની તેની રે... વૈષ્ણવ જન

2. સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી
પર સ્ત્રી જેને માત રે
જીહ્વા થકી અસત્ય ન બોલે
પરધન નવઝાલે હાથ રે... વૈષ્ણવ જન...

3. મોહમાયા વ્યાપે નહીં જેને
દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે
રામ નામ શું તાળી રે લાગી
સકળ તીરથ તેના તનમાં રે... વૈષ્ણવ જન...

4. વણલોભીને કપટ રહીત છે
કામ, ક્રોધ નિવાર્યા રે
ભણે નરસૈયો તેનું દરશન કરતાં
કુળ ઈકોતેર તાર્યા રે... વૈષ્ણવ જન...

**કવિ : શ્રી નરસિંહ મહેતા**

*

## આટલો સંદેશો મારા ગુરુજીને

રાગ : સારંગ　　　　　　　　　　　　　　　　　　　　　　તાલ : દિપચંદી

આટલો સંદેશો મારા ગુરુજીને (પ્રભુજીને) કે જો રે (2)
એ... સેવકના હૃદયમાં રેજોજી. આ.
- કાયાનું દેવળ અમને લાગે છે કાચું રે (2)
એ... તેની ભલામણ અમને દેજોજી. આ.
- કાયા પડશે ને હંસો ક્યાં જઈ સમાશે રે (2)
એ ... તે ઘર બતલાવી અમને દેજોજી. આ.
અમને ને તમને વાલા તમને ને અમને રે (2)
એ... જનમો જનમ પ્રીતિ રહેજોજી. આ.
બ્રહ્મસ્વરૂપ મારી નજરુંમાં આવે રે (2)
એ... દર્શન દેદાર અમને દેજોજી. આ.
મળાયું ન હોય તેને માફામાફ કેજો રે (2)
એ... શાન્તિ-સંદેશો મારો દેજોજી. આ.
બે કર જોડી દાસ ‘અંબારામ બોલ્યા રે (2)
એ... મુક્તિનો મારગ અમને કેજોજી. આ.

*

## મેરૂ તો ડગે પણ જેના

રાગ : ભૂપાલી　　　　　　　　　　　　　　　　　　　　　　તાલ : કહરવા

મેરૂ તો ડગે પણ જેનાં મન નવ ડગે,
　　　　મર ને ભાંગી તો પડે બ્રહ્માંડજી
વિપત્તિ પડે તો યે, વણસે નહીં ને,
　　　　સોઈ હરિજનનાં પરમાણજી... મેરૂ.
ચિત્તની તો વૃત્તિ જેની સદાય જ
　　　　નિર્મળ ને કોઈની કરે નહિ આશજી
દાન દેવે પણ, રહેવે અજાચીને,
　　　　રાખે વચનમાં વિશ્વાસ રે... મેરૂ.
હરખ ને શોકની જેને નવ આવે હેડકી,
　　　　ને આઠે પહોર રે વે આનંદેજી
નિત્ય ઝીલે રે સત્સંગમાં
　　　　ને રે તોડે મોહમાયા કેરા ફંદ રે... મેરૂ.
તન-મન-ધન જેણે ગુરૂજી ને અર્પ્યા,
　　　　તે નામ-નિજારી નર ને નારજી
એકાંતે બેસીને આરાધ માંડે,

તો અલખ પધારે એને દ્વાર રે... મેરૂ.
સંગત કરો, તો તમે એવાની કરજો,
જે ભજનમાં રહેવે ભરપૂર રે,
ગંગાસતી એમ બોલિયા,
જેણે નેણે તે વરસે ઝાઝાં નૂર રે... મેરૂ.

**- ગંગાસતી**

*

## છંદ

1. અષાઢ ઉચારમ્ મેઘ મલારમ્ બનીબહારમ્ જલધારમ્
દાદુર ડકારમ્ મયૂર પૂકારમ્ તડિતા તારમ્ વિસ્તારમ્
નાલહીં સંભારમ્ પ્યાસ અપારમ્ નંદ કુમારમ્ નીરખ્યારી
કહે રાધે પ્યારી, મૈં બલીહારી, ગોકુળ આવો ગિરધારી...
2. રિદ્ધિ દે સિદ્ધિ દે અષ્ટ નવ નિધિ દે, વંશમેં વૃદ્ધિ દે બાકબાની,
હૃદયમેં જ્ઞાન દે, ચિતમેં ધ્યાન દે, અભય વરદાન દે શંભુ રાની...
તુ દુઃખકો દૂર કર, સુખ ભરપૂર કર, આશ સંપૂર્ણ કર દાસ જાની
સજ્જન સો હિતદે, કુટુંબ કો પ્રિત દે, જંગમેં જીત દે મા ભવાની...
3. તવ રૂમક ઝુમક, ઝાંઝર ઝમ ઝણકત, ઝણકત તાલ મધુર સુરા,
તવ તાતા થૈ થૈ તાલ થમક થન, તાક ધીન તાક ધીન તાલ હુઆ,
તવ નાદ નિનાદ તણા પડછંદા, ગીત પ્રચંડ ઉમંગ બજે,
તવ સિંહ સવારી, ગબ્બરવાળી, જગદંબિકા સાજ સજે રે,
દેવી જગદંબિકા સાજ સજે...
4. તવ ડમક ડમક, દાદુર ડવ ડમકત, ગહેકત મોર મલ્હાર ગીરા
તવ પિયુ પિયુ શબ્દ પુકારત ચાતક, પિયુ પિયુ કોકિલ કંઠ ગીરા
તવ ડણક ડણક વનરાજ હી ડણકત, છણકત સિંહણ કામ છજે,
તવ રુમઝુમ રુમઝુમ બરસત બરખા, ઘરર ઘરર ઘનઘોર ગાજે...

*

## રેણકી છંદ

સર સર પર સધર અમર તર અનુસર કરકર વરધર મેલ કરે;
હરિહર સુર અવર અછર અતિ મનહર ભરભર અતિ ઉર હરખ ભરેઃ
નિરખત નર પ્રવર પ્રવર ગણ નીજકર નીકર મુકટ શીર સવર નમેઃ
ઘણરવપદ ફરર ઘરર પદ ઘૂઘર રંગભર સુંદર શ્યામ રમે... રંગ ભર. 1
ઝણણણણ ઝણણ ખણણ પદ ઝાંઝર ગોમધણણ ગણણણ ગયણે,
તણણણ બજ તંત ઠણણ ટંકારવ રણણણ સુર ધણણણ રયણે.
ત્રહ ત્રહ અતિ ત્રણણ ધ્રણણ બજ ત્રાંસા ભ્રમણ ભ્રમર વત રમણ ભ્રમેઃ
ઘણરવપદ ફરર ધરર પદ ધૂધર રંગભર સુંદર શ્યામ રમે... રંગભર. 2

ઝટપટ પટ ઉલટ પલટ નટવટ ઝટ લટપટ કટઘટ નિપટ લલે.
કોકટ અતિ ઉકટ ત્રુકટ ગતિ ધીનકટ મન ડર મતલટ લપટ મલેઃ
જમુન તટ પ્રગટ અમર અટરટ જૂટ સુર થટ ખેખટ તેણ સમે,
ધણરવપટ ફરર ધરર ઘૂઘર રંગભર સુંદર શ્યામ રમે... રંગભર. 3

ધમધમ અતિ ધમક ઠમક પદ ઘૂઘર ધમધમ ક્રમ સમ હોત ધરા,
ભ્રમ ભ્રમવતવિષમ પરિશ્રમ વત ભ્રમ ખમખમ દમ અહિ વિક્રમ ખરાઃ
ગમગતિ અતિ અગમ નિગમ ન હત ગમ નટવટ રમઝટ ગત મનમેં
ધણરવપટ ફરર ઘરર ઘૂઘર રંગભર સુંદર શ્યામ રમે...રંગભર. 4

ગતગતપર ઉગત તૂગત નૃત પ્રિયગત રત ઉનમત ચિત વધત રતિ,
તતપર ધ્રત નચત ઉચત મુખ થૈતત આવ્રત અત ઉત ભ્રમત અતિઃ
ધીધીતત ગત બજત મૃદંગ સુર ઉધધત ક્રત ભ્રત નરતત અતંત ક્રમેઃ
ધણરવપટ ફરર ધરર ઘૂઘર રંગભર સુંદર શ્યામ રમે... રંગભર. 5

થનગન તન નચત પવન પ્રચલન થન સુમન ગન ધુન મગન સુરા,
મન મન વર કૃશ્ન પ્રશ્ન ધન તન મન ધન ધન વન ધનન તાસ ધરાઃ
વિસરે તન ભાન ખાન પાન વિધિ ગાન તાન જેહિ કાન ગમે,
ધણરવપટ ફરર ધરર પદ ઘૂઘર રંગભર સુંદર શ્યામ રમે... રંગભર. 6

ઢલઢલ રંગ પ્રગલ અઢલ જનપર ઢલ ઝલઝલ અણકલ તેજ ઝરે,
ખલખલ ભુજ ચુડ ચપલ અતિ ખલકત કાન કતોહલ પ્રબલ કરેઃ
વલવલ ગલહસ્ત તુમલ ચલ ચિતવલ જુગલ જુગલ પ્રતિરંગ જમે,
ઘણરવપટ ફરર ઘરર ઘૂઘર રંગભર સુંદર શ્યામ રમે... રંગભર. 7

સરવસ વસ મોહ દરસ સુરથીત શશી અરસપરસ ત્રસ ચરસ અતિ,
કસ કસ પટ હુલસ વિલસ ચિત આકશ રસબસ ખુસહસ બરસ રતિઃ
દ્રસ નવરસ સરસ ભયો બ્રહ્માનંદ અનરસ મનસ તરસ અથમે,
ઘણરવપટ ફરર ધરર પદ ઘૂઘર રંગભર સુંદર શ્યામ રમે... રંગભર. 8

*

## મોર બની થનગનાટ કરે

**શબ્દ-રચના : કવિવરશ્રી રવીન્દ્રનાથ ટાગોર**

**અનુવાદક : કવિવરશ્રી ઝવેરચંદ મેઘાણી**

**લોકગીત તાલ : ખેમટો**

મોર બની થનગનાટ કરે, મન મોર બની થનગનાટ કરે... (2)
મોર બની થનગનાટ કરે... કરે મન મોર બની થનગનાટ કરે... (2)

(1) બહુ રંગ ઉમંગના પીંછ પસારીને,
બાદલસુ નિજ નૈનન ધારીને, મેઘમલાર ઉચારીને,
આકુલ પ્રાણ કોને કલસાદ કરે... મોર બની થનગનાટ કરે.

(2) ધર ધરર ધરર મેઘઘટા, ગગને ગગને ગરજાટ ભરે,
ગુમરી ગુમરી ગરજાટ ભરે, નવધાન ભરી સારી સીમ ઝુલે,
નદીયું નવજોબન ભાન ભૂલે, નવદિન કપોતની પાંખ ખૂલે,
મધરા મધરા મલકાઈને મેઢક, મેહસુ નેહસુ બાત કરે,
ગગને ગગને ગુમરાઈને પાગલ, મેઘ ઘટા ગરજાટ કરે
...મોર બની થનગનાટ કરે

(3) નવમેઘ વણે નીલ આંજણીએ, મારા ઘેઘુર નૈન જગાટ કરે,
મારા લોચનમાં મેદ ઘેન ભરે, વનછાંય તળે હરીયાળી પરે,
મારો આતમ લ્હેર બિછાત કરે, સચરાચર શયામલ ભાત ધરે,
ઓરે, મેઘ અષાઢી લો આજ મોર, દોયે નૈનની લાંજન ધન ભરે,
... મોર બની થનગનાટ કરે

(4) ઓલી કોણ કરી લટ મોકળીયું, ખડી આભ મ્હોલ અટારી પરે
ઊંચી મેઘ મહોલ અટારી પરે, અને ચાકમચૂર બે ઉર પરે,
પચરંગીત બાદલ પાલવડે, કરી આડશ કોણ ઉભેલ અરે,
ઓલી વીજ કરે અજવાસ નવેસર, રાસ લેવા અંકલાશ ચડે,
ઓલી કોણ પયોધર સંધરતી, વિખરેલ લટે ખડી મેલ પરે
...મોર બની થનગનાટ કરે

*

## આલા લીલા વાંસળિયા

**રાગ : કાફી** **તાલ : કહરવા**

આલા લીલા વાંસળીયા રે વઢાવું
એની રે ઉતરાવું રે પ્રભુજીની વાંસળી રે લોલ
આલા લીલા વાસંળિયા રે...(2)

વાંસળીએ કંઈ, હંસ પોપટ ને મોર
વાંસલડી વગાડે રે નંદજીનો લાડકો રે લોલ
આલા લીલા વાંસળિયા રે...(2)

વાંસળીએ કાંઈ ઝૂમકા લટકે ચાર
આંગળીએ અંગૂઠીને અંગૂઠીમાં હીરલા રે લોલ
આલા લીલા વાંસળિયા રે...(2)

આવ્યા આવ્યા ઓતરા દશના મેહ
પાદરડાં-ખેતરડાં રે હરિ કેરાં છલી વળ્યા રે લોલ
આલા લીલા વાંસળિયા રે...(2)

ખેતરિયે કાંઈ ઝૂલી રહ્યા છે મોલ
મોલે મોલે ગૂંથી દીધા પરભુજીએ મોતીડા રે લોલ
આલા લીલા વાંસળિયા રે...(2)

*

## કાનુડો માગ્યો દેને

**તાલ : કહરવા**

કાનુડો માગ્યો દેને જશોદા મૈયા
કાનુડો માગ્યો દે.
આજની રાત અમે રંગભર રમીએ,
પ્રભાતે પાછો માગી લેને જશોદા મૈયા... કાનુડો...
જવતલ અમે એને ઓછો ન કરીએ
ત્રાજવે તોળી લેને જશોદા મૈયા... કાનુડો...
હાથી, ઘોડા, માલખજાના
હાર હૈયાનો લેને જશોદા મૈયા... કાનુડો...
કડલાં ને કાંબી અણવટ વીંછિયા
વેઢ વાંકિયા લેને જશોદા મૈયા... કાનુડો...

*

## ઝૂલણ મોરલી વાગી રે

**લોકગીત :** **તાલ : હીંચ**

ઝૂલણ મોરલી વાગી રે રાજાના કુંવર !
હાલોને જોવા જાયેં રે મોરલી વાગી રે રાજાના કુંવર... ઝૂલણ.
બાંયે બાજુબંધ બેરખા રાજાના કુંવર !
દસે આંગળિયે વેઢ રે મોરલી વાગી રે રાજાના કુંવર- ઝૂલણ.
પગે રાઠોડી મોજડી રાજાના કુંવર !
ચાલે ચટકતી ચાલ્ય રે મોરલી વાગી રે રાજાના કુંવર-ઝૂલણ.
માથે મેવાડા મોળિયા રાજાના કુંવર !
કિનખાબી સુરવાળ રે મોરલી વાગી રે રાજાના કુંવર-ઝૂલણ.
ચડવા તે ઘોડો હંસલો રાજાના કુંવર !
પાતળિયા પલાણ રે મોરલી વાગી રે રાજાના કુંવર-ઝૂલણ.

*

## સારે જહાં સે અચ્છા

**રાગઃ પીલુ**

સારે જહાંસે અચ્છા હિન્દોસ્તાં હમારા
હમ બુલબુલ હૈં ઉસકી, વહ ગુલિસ્તાં હમારા... સારે

ગુર્બતમેં હો અગર હમ, રહતા હૈ દિલ વતનમેં
સમજો વહીં હમે ભી, દિલ હો જહાં હમારા... સારે

પર્વત વહ સબસે ઊંચા, હમ સાયા આસમાંકા
વહ સંતરી હમારા, વહ પાસવાં હમારા... સારે

ગોદીમેં ખેલતી હૈં, ઉસકી હજારો નદિયાં,
ગુલશન હૈ જિનકે દમસે, રશ્કે જીના હમારા... સારે

અય આબે રૂદે ગંગા, વહ દિન હૈ યાદ તુજકો
ઉતરા તેરે કિનારે, જબ કારવાં હમારા... સારે

મજહબ નહીં સિખાતા, આપસમેં બૈર રખના,
હિન્દી હૈ હમ વતનમેં, હિન્દોસ્તાં હમારા... સારે

યૂનાનો મિસ્ત્રો રુમા, સબ મિટ ગયે જહાં સે
અબ તક મગર હૈ બાકી, નામોનિશાં હમારા... સારે

કુછ બાત હૈ કિ હસ્તી, મિટતી નહીં હમારી
સદિયોં રહા હૈ દુશ્મન, દૌરે જમાં હમારા... સારે

ઈકબાલ કોઈ મરહમ, અપના નહીં જહાં મેં
માલૂમ ક્યા કિસીકો, દર્દે તિહાઁ હમારા... સારે

**- ઈકબાલ**

## મનુષ્ય તું બડા મહાન હૈ

**તાલ : દાદરા (ચલતી)**

ધરતી કી શાન તું હૈ પ્રભુ કી સંતાન
તેરી મુઠ્ઠીઓમેં બંધ તૂફાન હૈ રે
મનુષ્ય તું બડા મહાન હૈ ભૂલ મત
મનુષ્ય તું બડા મહાન હૈ
તુ જો ચાહે પર્વત-પહાડો કો ફોડ દે
તુ જો ચાહે નદિયોં કે મુખ કો ભી મોડ દે
તુ જો ચાહે માટી સે અમૃત નીચોડ દે
તુ જો ચાહે ધરતી કો અંબર સે જોડ દે
અમર તેરે પ્રાણ મીલા તુજ કો વરદાન,
તેરી આત્માયે સ્વયં ભગવાન હૈ રે... મનુષ્ય
નયનો મેં જ્વાલ, તેરી ગતિમેં ભૂચાલ
તેરી છાતી મેં છીપા મહાકાલ હૈ

પૃથ્વી કે લાલ તેરા હિમગિરી સા ભાલ
તેરી ભૃકુટીમેં તાંડવા કા તાલ હૈ
નિજ કો તુ જાન જરા શક્તિ પહેચાન તેરી વાણીમેં યુગ કા આહવાન હૈ રે... મનુષ્ય...
ધરતી સા ધીર તુ હૈ અગ્નિ સા વીર
તુ જો ચાહે તો કાલ કો ભી થામ લે
પાપો કા પ્રલય રુકે પશુતા શીશ ઝૂકે
તું જો અગર હિંમત સે કામ લે...
ગુરુ સા મતિમાન પવન સા તું ગતિમાન
તેરી નભ સે ભી ઊંચી ઉડાન હૈ રે... મનુષ્ય...

**કવિ : ભરત વ્યાસ**

*

## ગરવી ગુજરાત

**રાગ : માંડ** **તાલ - કહરવા**

જય ! જય ! ગરવી ગુજરાત !
જય ! જય ! ગરવી ગુજરાત !
દીપે અરૂણ પરભાત
જય ! જય ! ગરવી ગુજરાત !
ધ્વજ પ્રકાશશે ઝળળ કસુંબી પ્રેમ શૌર્ય અંકિત,
તું ભણવ ભણવ નિજ સંતતિ સહુને પ્રેમ ભક્તિની રીત
ઊંચી તુજ સુંદર જાત,
જય ! જય ! ગરવી ગુજરાત ! - જય.

ઉત્તરમાં અંબામાત
પૂરવમાં કાળીમાત
છે દક્ષિણ દિશમાં કરન્ત રક્ષા કુંતેશ્વર મહાદેવ,
ને સોમનાથ ને દ્વારકેશ એ પશ્ચિમ કેરા દેવ,
છે સહાયમાં સાક્ષાત્
જય ! જય ! ગરવી ગુજરાત ! - જય.

નદી તાપી નર્મદા જોય
મહી ને બીજી પણ જોય
વળી જોય સુભટના જુદ્ધ રમણને રત્નાકર સાગર,
પર્વત ઉપરથી વીર પૂર્વજો દે આશિષ જયકર;
સંપે સોહે સહુ જાત.
જય ! જય ! ગરવી ગુજરાત ! - જય.

તે અણહિલવાડના રંગ,
તે સિદ્ધરાજ જયસંગ;

તે રંગ થકી પણ અધિક સરસ રંગ થશે સત્વરે માત,
શુભ શકુન દીસે, મધ્યાહ્ન શોભશે, વીતી ગઈ છે રાત;
જન ઘૂમે નર્મદા સાથ.
જય ! જય ! ગરવી ગુજરાત ! - જય.

**- નર્મદાશંકર (વીર નર્મદ)**

*

## ગુજરાત ગૌરવ ગાન ગીત

**રાગ : ભૈરવી** **તાલ : કહરવા**

**સ્થાયી :**

જય સોમનાથ, જય દ્વારકેશ, જય બોલો વિશ્વનાથની,
સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ યશ ગાથા ગુજરાતની,
આ ગુણવંતી ગુજરાતની જય જય ગરવી ગુજરાતની...
જય સોમનાથ, જય દ્વારકેશ...

**અંતરા : 1**

ભક્ત સુદામા અને કૃષ્ણના મૈત્રી ભાવ ભૂલાય નહિ-(2)
વૈષ્ણવજન તો તેને રે કહીએ નરસૈંયો વિસરાય નહીં, (2)
જય દત્ત દિગંબર ગિરનારી, આ આ આ આ આ
જય દત્ત દિગંબર ગિરનારી, જય મહાવીર દાતારની,
સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ યશ ગાથા ગુજરાતની,
આ ગુણવંતી ગુજરાતની જય જય ગરવી ગુજરાતની..
જય સોમનાથ, જય દ્વારકેશ...

**અંતરા : 2**

હિન્દુ, મુસ્લિમ, શિખ, પારસી હળી મળી સૌ કાર્યો કરે-(2)
સૃષ્ટિને ખૂણે ખૂણે ગુજરાતી જન વ્યાપાર કરે, -(2)
જય સહજાનંદ, જય જલારામ, આ આ આ આ આ
જય સહજાનંદ, જય જલારામ, જય બોલો કાલીકા માતની,
સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ યશ ગાથા ગુજરાતની,
આ ગુણવંતી ગુજરાતની જય જય ગરવી ગુજરાતની...
જય સોમનાથ, જય દ્વારકેશ...

**રચયિતા : કવિ શ્રી રમેશ ગુપ્તા**

*

## સંતાન સૌ તમારા

**તાલ : દાદરા**

ઓ, હિન્દ દેવભૂમિ
સંતાન સૌ તમારા
કરીએ મળીને વંદન
સ્વીકારજો અમારાં.

હિન્દુ અને મુસલમીન
ઈસાઈ, પારસી, જૈન
દેવી સમાન રીતે
સંતાન સૌ તમારા.

પોષો તમે સહુને
શુભ ખાનપાન બક્ષી
સેવા કરે બને તે
સંતાન સૌ તમારા

રોગી અને નીરોગી
નિર્ધન અને તવંગર
જ્ઞાની અને નિરક્ષર
સંતાન સૌ તમારા.

વાલ્મિકી, વ્યાસ, નાનક
મીરાં, કબીર, તુલસી
અકબર શિવાજી માતા
સંતાન સૌ તમારા.

ચાહો બધા પરસ્પર
રહો બધા પરસ્પર
એ પ્રાર્થના કરે આ
સંતાન સો તમારા

*

## અખંડ ભારતના શિલ્પી : સરદાર

હું ભારતનો ભડસેનાની, સેનાની
હું ભારતનો ભડસેનાની
હું ભારતનો ભડસેનાની
કદમ કદમ સાહસ ઉભરાતું
શોણિતમાં ઊછળે મર્દાની... હું ભારતનો
હું ઝંઝાનો સૂસવાટો છું
હું સાગરનો ઘૂઘવાટો છું
હું પહાડનો પડકારો છું
હું દુશ્મનનો થડકારો છું
હું સ્વતંત્રતાની છું કુરબાની... હું ભારતનો...
હું અચલ હિમાચલ શિલા છું
હું ગંગ તરંગની લીલા છું
હું માનવતાનો ચાહક છું
હું શત્રુદળનો દાહક છું
હું સમરાંગણનો છું અરમાની.. હું ભારતનો
હું ગગન ગરુડની પાંખો છું
હું અંધકારની આંખો છું
હું ખડતલ સફર પ્રવાસી છું
હું દરિયાલાલ ખલાસી છું
હું ત્રિરંગા સઢનો છું સુકાની... હું ભારતનો...

*

## ધ્વજ ગીત

**તાલ : કહરવા**

1. વિજય વિશ્વ તિરંગા પ્યારા
ઝંડા ઊંચા રહે હમારા...
સદા શક્તિ સરસાનેવાલા
પ્રેમ સુધા બરસાનેવાલા
વીરોં કો હરસાનેવાલા
માતૃભૂમિકા તનમન સારા... ઝંડા ઊંચા રહે...

2. શાન ન ઈસકી જાને પાયે
ચાહે જાન ભલે હી જાવે
વિશ્વ વિજય કરકે દિખલાવે
તબ હોવે પ્રણ પૂર્ણ હમારા... ઝંડા ઊંચા રહે...

**શ્યામલાલ ગુપ્ત ''પાર્ષદ''**

*

## રાષ્ટ્રગીત

### વન્દે માતરમ્

**રાગ : દેશ** **તાલ - કહરવા મધ્યલય**

**(સ્થાયી)**

વન્દે માતરમ્ વન્દે માતરમ્
સુજલાં સુફલાં, મલયજ શીતલામ્
શસ્ય શ્યામલાં માતરમ્ વન્દે...

**(અંતરા)**

૧. શુભ્ર-જ્યોત્સ્ના પુલકિત-યામિનીમ્
ફુલ્લ - કુસુમિત - દ્રુમદલ - શોભિનીમ્
સુહાસિનીમ્ સુમધુર ભાષિણીમ્
સુખદાં, વરદાં, માતરમ્
વન્દે માતરમ્, વન્દે માતરમ્

**- બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય**

**ભાવાર્થ**

માતાને વંદન. જે ભૂમિનું જલ સારું છે. જે ફળોથી પરિપૂર્ણ છે. મલય પવનથી જે શીતલ છે અને ધાન્યનાં ખેતરોથી શ્યામરંગી છે એવી ભૂમિ માતાને વંદન જે દેશની રાત્રી ઊજળી-ચાંદનીથી પ્રકાશિત રહે છે અને જે ખીલેલાં પુષ્પગંધ દ્વારા પ્રફુલ્લિત તથા ગીચ વૃક્ષોથી સુશોભિત છે. એ સુંદર હાસ્યવાળી સુમધુર ભાષી, સુખ આપવાવાળી અને વરદાન આપવાવાળી માતાને વંદન, માતાને વંદન.

**નોંધ :** આ ગીતને સમૂહમાં ગાવામાં 60 થી 65 સેકન્ડ લાગવી જોઈએ.

*

## રાષ્ટ્રગીત

### જનગણમન

**રાગ : યમન કલ્યાણ** **તાલ - કહરવા દ્રુતલય**

જનગણમન અધિનાયક જય હે ભારત ભાગ્ય વિધાતા
પંજાબ, સિન્ધુ, ગુજરાત, મરાઠા, દ્રાવિડ, ઉત્કલ બંગ,
વિન્ધ્ય, હિમાચલ, યમુના, ગંગા, ઉચ્છલ જલધિ તરંગ
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાહે તવ જય ગાથા
જનગણ મંગલદાયક જય હે ભારત ભાગ્ય વિધાતા
જય હે, જય હે, જય હે, જય જય જય જય હે.

**- રવીન્દ્રનાથ ટાગોર**

## ભાવાર્થ

હે ભારતના ભાગ્ય વિધાતા ! તું સારાયે જનસમુદાયના હૃદયનો અધિષ્ઠાતા છે. તારું નામ સાંભળતાં પંજાબ, સિન્ધુ, ગુજરાત, મહારાષ્ટ્ર, દ્રાવિડ ઉત્કલ અને બંગાલ વગેરે પ્રદેશોનું હૃદય ઉછળી ઊઠે છે. વિન્ધ્ય અને હિમાલયમાં તારા નામનો પડઘો પડે છે. ગંગા અને યમુનાના પ્રવાહસંગીતમાં તારું નામ ગુંજે છે. હિન્દી મહાસાગરની લહેરો તારા નામનો મંત્રોચ્ચાર કરે છે. આ સૌ તારા શુભ આશિષ માગે છે અને તારું યશોગાન ગાય છે. જનસમુદાયનું કલ્યાણ કરનાર હે ભારત ભાગ્ય વિધાતા ! તારો જય હો ! જય હો ! જય હો !

આ ગીત ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના કોલકાતા ખાતેના અધિવેશનમાં તા. 27 ડિસેમ્બર, 1911ને રોજ સૌપ્રથમ ગવાયું. 1947ના ઑગસ્ટની 14મીની મધરાતે બંધારણસભાના ઐતિહાસિક અધિવેશનમાં પણ આ ગીત ગવાયું હતું. 24 જાન્યુઆરી, 1950માં બંધારણસભાએ એને રાષ્ટ્રગીત તરીકે જાહેર કર્યું.

**નોંધ :** આ ગીતને સમૂહમાં ગાવામાં 48 થી 52 સેકન્ડ લાગવી જોઈએ.

●

## અભ્યાસક્રમ રાગ આધારિત ફિલ્મીગીતો સમજૂતી માટે

| અનુ.રાગ | ગીત | ફિલ્મ | ગાયક | સંગીતકાર |
|---|---|---|---|---|
| (1) સારંગ | આ લૌટ કે આજા | રાની રૂપમતિ (1947) | મુકેશ | આર. એન. ત્રિપાઠી |
| | સાવન આયે યા ન આયે | દિલ દિયા દર્દ લિયા (1966) | આશા ભોસલે મહમદ રફી | નૌશાદ |
| (2) ખમાજ | આયો કહાં સે ઘનશ્યામ | બુઢ્ઢા મિલ ગયા (1971) | અર્ચના ઉદુપા મન્નાડે | રાહુલ દેવ બર્મન |
| | ઓ સજના બરખાઁ બહાર આયી | પરખ (1960) | લત્તા મંગેશકર | સલિલ ચૌધરી |
| (3) ભીમપલાસી | તુમ મિલે દિલ ખિલે | ક્રિમિનલ (1992) | અલકા યાજ્ઞિક કુમાર સાનુ | એમ. એમ. કીરવાની |
| | કિસ્મત સે તુમ હમકો એરી મૈં તો પ્રેમદીવાની | પુકાર (1999) | અનુરાધા પૌંડવાલ સોનુ નિગમ | એ. આર. રહેમાન |
| (4) કાફી | ગૈરો પે કરમ | આંખે (1968) | લતા મંગેશકર | રવિ |
| | તુમ્હારા પ્યાર ચાહિયે | મનોકામના (1980) | બપ્પી લહેરી | બપ્પી લહેરી |
| (5) યમન | ઈન્હીં લોંગોને | પાકીઝા (1971) | લત્તા મંગેશકર | ગુલામ મોહંમદ |
| | જબ દીપ જલે આના | ચિત્તચોર (1976) | હેમલત્તા કે. જે. યેશુદાસ | રવીન્દ્ર જૈન |
| (6) ભૈરવી | ઈન્સાફ કા મંદિર હૈ યે | અમર (1954) | મહંમદ રફી | નૌશાદ |
| | ઘર આયા મેરા પરદેશી | આવારા (1951) | લત્તા મંગેશકર | શંકર જયકિશન |

• • •